જૈન શિક્ષાવલી

લેખક:
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

આદર્શ ગૃહસ્થ

શ્રેણી પહેલી
૫

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

જૈન શિક્ષાવલી

પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦. પોસ્ટેજ ૧–૦૦ અલગ. માત્ર ગણુતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

નોંધ:–બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ પાંચમું

આદર્શ ગૃહસ્થ

★

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

★

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ-૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :

નરેન્દ્રકુમાર ડી. શાહ

વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,

ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦

સં. ૨૦૧૫, સને ૧૯૫૯

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-

મણિલાલ છગનલાલ શાહ.

નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,

ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રકાશકનું નિવેદન

જૈન મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

આ પુસ્તકો દીર્ઘ ચિંતન–મનનનાં પરિણામે સુંદર શૈલિમાં લખાયેલાં છે, એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્યરત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીનાં વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઇ નગીનદાસ (બેલગામવાળા), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ–મુંબઇના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યા છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

પ્રકાશક.

વિષયાનુક્રમ

૧ ઉપક્રમ

૨ સામાન્ય ગૃહસ્થધર્મ

૧ દ્રવ્ય ન્યાયથી મેળવવું.

૨ વિવાહ સમાન કુલ–આચારવાળા પણ અન્યગોત્રીથી કરવો.

૩ શિષ્ટાચારની પ્રશંસા કરવી.

૪ છ અંતરશત્રુઓનો ત્યાગ કરવો.

૫ ઇંદ્રિયોને કાબૂમાં રાખવી.

૬ ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો.

૭ સારા પાડોશવાળાં સ્થાનમાં યોગ્ય ઘરમાં રહેવું.

૮ પાપથી ડરતાં રહેવું.

૯ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.

૧૦ કોઇનો અવર્ણવાદ બોલવો નહિ.

૧૧ ખર્ચ આવક પ્રમાણે રાખવો.

૧૨ પોશાક વૈભવ વગેરે પ્રમાણે રાખવો.

૧૩ માતાપિતાની સેવા કરવી.

૧૪ સંગ સદાચારી પુરુષોનો કરવો.

૧૫ કરેલા ઉપકારને જાણવો.

૧૬ અજીર્ણ હોય તો જમવું નહિ.

૧૭ અવસરે પ્રકૃતિને અનુકૂળ લાલસા વિના જમવું.

૧૮ સારી વર્તણુકવાળા અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી.

૧૯ નિંદ્ય કામમાં પ્રવૃત્તિ કરવી નહિ.

૨૦ ભરણપોષણ કરવા યોગ્યનું ભરણપોષણ કરવું.

૨૧ દીર્ઘદર્શી થવું.

૨૨ રોજ ધર્મકથા સાંભળવી.

૨૩ દયાળુ થવું.

૨૪ બુદ્ધિના આઠ ગુણોનું સેવન કરવું.

૨૫ ગુણનો પક્ષપાત કરવો.

૨૬ હમેશા અદુરાગ્રહી બનવું.

૨૭ વિશેષજ્ઞ થવું.

૨૮ અતિથિ, સાધુ અને દીનની સેવા કરવી.

૨૯ પરસ્પર બાધ ન આવે એ રીતે ધર્મ-અર્થ-કામ સેવવા.

૩૦ દેશ અને કાલથી વિરુદ્ધ પરિચર્યાનો ત્યાગ કરવો.

૩૧ બલાબલ વિચારીને કામ કરવું.

૩૨ લોકલાગણી ધ્યાનમાં રાખીને વર્તવું.

૩૩ પરોપકાર કરવામાં કુશળ થવું.

૩૪ લજ્જાવાન થવું.

૩૫ મુખાકૃતિ સૌમ્ય રાખવી.

૩ વિશેષ ગૃહસ્થધર્મ અથવા શ્રાવકનાં બાર વ્રતો

સમ્યક્ત્વની ધારણા.

બાર વ્રતોનાં નામ.

પહેલું સ્થૂલપ્રાણાતિપાત-વિરમણ-વ્રત.

બીજું સ્થૂલમૃષાવાદ-વિરમણ-વ્રત.

ત્રીજું સ્થૂલઅદત્તાદાન-વિરમણ-વ્રત.

ચોથું સ્થૂલમૈથુન-વિરમણ-વ્રત.
પાંચમું પરિગ્રહ-પરિમાણ-વ્રત.
છઠ્ઠું દિક્-પરિમાણ-વ્રત.
સાતમું ભોગોપભોગ-પરિમાણ-વ્રત.
આઠમું અનર્થદંડ-વિરમણ-વ્રત.
નવમું સામાયિક-વ્રત.
દશમું દેશાવકાશિક-વ્રત.
અગિયારમું પોષધ-વ્રત.
બારમું અતિથિસંવિભાગ-વ્રત.
શ્રાવકની દિનચર્યા
૪ મંગલ ભાવના.

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

આદર્શ ગૃહસ્થ

૧-આદર્શ ગૃહસ્થ કોણ બની શકે?

જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે 'જે મનુષ્ય માત્ર ખાઈપીઈને તથા એશઆરામ કરીને પોતાના દિવસો પૂરા કરે છે, તે પશુતુલ્ય છે. તે જો પોતાના સંસ્કારોની સુધારણા કરે અને યમનિયમોનું યથાશક્તિ પાલન કરે તો આદર્શ ગૃહસ્થ બની શકે છે અને મહામોંઘો મનુષ્ય ભવ પામ્યાની કૈંક સાર્થકતા કરી શકે છે. તેમાં સંસ્કારોની સુધારણા માટે સામાન્ય ગૃહસ્થધર્મનું વિધાન છે અને યમનિયમોનાં યથાશક્તિ પાલન માટે વિશેષ ગૃહસ્થ-ધર્મનું વિધાન છે.' તાત્પર્ય કે આદર્શ ગૃહસ્થ બનવાની ઈચ્છા રાખનારે સામાન્ય અને વિશેષ ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ સારી રીતે સમજી લેવું જોઈએ અને તેને અનુસરવાનો પુરુષાર્થ સેવવો જોઈએ.

૨-સામાન્ય ગૃહસ્થધર્મ

સંસ્કારની સુધારણા માટે યોજાયેલા સામાન્ય ગૃહસ્થ-ધર્મમાં પાંત્રીશ નિયમોનું વિધાન કરવામાં આવ્યું છે, તે સર્વ શિષ્ટ પુરુષોને સંમત એવા નીતિમાર્ગનાં અનુસરણ

રૂપ હોવાથી '**માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો**' તરીકે પણ પ્રસિદ્ધ છે.

આ ગુણોનો ક્રમ જુદા જુદા મહર્ષિઓએ જૂદી જૂદી રીતે બતાવ્યો છે, પણ તેમાં મૌલિક ભેદ કોઈ પ્રકારનો નથી. અહીં બતાવેલો ગુણોનો ક્રમ પૂજ્ય મહોપાધ્યાય શ્રીમાનવિજયજી ગણિવરે ધર્મસંગ્રહમાં જણાવ્યા મુજબનો સમજવો.

(૧) न्यायसंपन्नविभवता—વૈભવ ન્યાયથી મેળવવો. ગૃહસ્થને જીવનનિર્વાહ માટે ધનની જરૂર છે, તેથી તેણે ધન મેળવવા માટે પ્રયત્ન કરવો રહે. આ પ્રયત્ન ધંધારૂપ અને નોકરીરૂપ એમ બંને પ્રકારનો હોઈ શકે છે. તેમાં ધંધો કરનારે બનતાં સુધી બાપદાદાએ ખેડેલો ધંધો જ ખેડવો જોઈએ, જેથી તે ધંધો જલ્દી હાથ બેસી જાય અને આજીવિકા સફલતાથી ચાલી શકે. પરંતુ એ ધંધો નિંદ્ય હોય જેમ કે ચોરી કરવી, ધાડ પાડવી, વાટ આંતરવી, ઠગાઈ કરવી, દારૂ ગાળવો, જુગારખાનું ચલાવવું, કુટ્ટણખાનું ચલાવવું, પશુઓનો શિકાર કરવો, માછલાં પકડવાં, મનુષ્યને પકડીને વેચવા વગેરે, તો એ ધંધાનો—ત્યાગ કરીને અનિંદ્ય ધંધો સ્વીકારવો. આ ધંધા તથા નોકરીમાં ન્યાયથી વર્તી ધન પેદા કરવું, પણ અન્યાયનો આશ્રય લઈને ધન પેદા કરવું નહિ. સ્વામી કે માલીકનો દ્રોહ કરવો, મિત્રોને ઠગવા, જેણે આપણામાં વિશ્વાસ મૂકયો હોય તેની વંચના કરવી, એક યા બીજા પ્રકારે ચોરી કરવી, લાંચરૂશ્વત લઈને માલીકનું કામ બગાડવું કે તેના

હકમાં નુકશાન કરવું, તેમજ દગોફટકો કરવો, એ અન્યાય છે અને તેનો ત્યાગ કરી પ્રામાણિકપણે વર્તવું એ ન્યાય છે.

નીતિકારો કહે છે કે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यव वा मरणमस्तु युगान्तरे वा,
न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

'વ્યવહારકુશળ પુરુષો નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મી આવે કે ઈચ્છા પ્રમાણે ચાલી જાય, મરણ આજે આવે કે યુગ પછી આવે, પણ ધીર પુરુષો ન્યાયના માર્ગ-માંથી પગલું પણ પાછા હઠતા નથી.'

અહીં કોઈ એમ કહે કે 'ન્યાયથી જ ધન શા માટે મેળવવું?' તેના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે 'ન્યાયથી ઉપાર્જન કરેલું ધન જ આ લોક અને પર-લોકમાં હિતકારી થાય છે. ન્યાયથી ઉપાર્જન કરેલા ધનનો ઉપભોગ નિઃશંકપણે થઈ શકે છે, તે આ લોકને હિતકારી છે અને તેનાથી તીર્થગમન વગેરે વિધિપૂર્વક થઈ શકે છે, તે પરલોકને હિતકારી છે.'

જેઓ અન્યાયથી ધન મેળવે છે, તેઓ એનો ઉપ-ભોગ નિઃશંકપણે કરી શકતા નથી, એ આપણે અનુભવથી જોઈ શકીએ છીએ. વિશેષમાં આવું ધન આવ્યા પછી બુદ્ધિ બગડે છે, ઘરમાં કજિયા–કંકાસનું પ્રમાણ વધી જાય છે અને ઉપરાઉપરી માંદગીઓ આવી કે અકાળ મૃત્યુ પામી

સ્વજનો ચાલ્યા જાય છે, એ પણ આપણા અનુભવમાં આવે

આમ છતાં મનુષ્યો અન્યાયથી ધન મેળવવાની વૃત્તિનો ત્યાગ કરી શકતા નથી, એ કુસંસ્કારની કાલિમાનો પ્રતાપ છે.

ઘણા મનુષ્યો એમ જ માની બેઠા છે કે સીધા રસ્તેથી એટલે ન્યાયનીતિ કે પ્રામાણિકતાથી ધન પેદા કરી શકાય જ નહિ, પરંતુ તેમની આ માન્યતા ભૂલભરેલી છે. મનુષ્ય ધારે તો ન્યાયનીતિથી–પ્રામાણિકતાથી ધન પેદા કરી શકે છે તથા તેનો નિઃશંક ઉપયોગ કરીને સુખી થઈ શકે છે. બને તેટલો સારો માલ લાવવો, તેને એક જ ભાવે વેચવો અને તે ખરીદવા માટે બાળક આવે તો પણ તેને છેતરવો નહિ, આ સિદ્ધાંતનું પાલન કરનારાઓએ થોડા જ વખતમાં પોતાની શાખ જમાવી પુષ્કળ ગ્રાહકોનું આકર્ષણ કર્યાના તથા સારી રીતે ધન પેદા કર્યાના દાખલાઓ આજે પણ અનેક સ્થળે જોવામાં આવે છે, એટલે ન્યાયનીતિ કે પ્રામાણિકતાથી ધન પેદા કરી શકાય છે, એમાં કોઈએ શંકા રાખવી નહિ. અન્યાય એ કુસંસ્કાર છે, ન્યાય એ સુસંસ્કાર છે.

(૨) **कुलशीलसमैरन्यगोत्रीयैः वैवाह्यं**—વિવાહ સમાન કુલ–આચારવાળા પણ અન્યગોત્રીય સાથે કરવો.

વિવાહ કે લગ્ન એ ગૃહસ્થ જીવનનો પાયો છે. જો તે યોગ્ય રીતે ન નંખાય તો વર અને કન્યા ઉભયનું જીવન બગડે છે અને ભારે અનર્થ થાય છે, તેથી અહીં કોની સાથે વિવાહ કરવો? તેનું સૂચન કર્યું છે.

જેની સાથે લગ્ન કરવામાં આવે તેનું કુલ સમાન

જોઈએ. અહીં કુલ શબ્દથી પિતા, પિતામહ વગેરે પૂર્વ પુરુષોથી ચાલ્યો આવતો વંશ સમજવાનો છે. જો વર ઊંચા કુળનો હોય અને કન્યા નીચા કુળની હોય તો કન્યાનો અનાદર થવાનો પ્રસંગ આવે છે અને એથી લગ્ન જીવનમાં વિક્ષેપ પડે છે. તેજ રીતે કન્યા ઊંચા કુળની હોય અને વર નીચા કુળનો હોય તો કન્યાનાં મનમાં અભિમાન રહ્યા કરે છે અને તેથી પ્રસંગોપાત્ત વરને મેણાં –ટોણાં મારે છે. આનું પરિણામ પણ સ્નેહભંગમાં જ આવે છે, તેથી સમાન કુલની હિમાયત કરવામાં આવી છે.

કુલ સરખું હોય પણ આચાર સરખો ન હોય તો ડગલે ને પગલે જુદા પડવાનો પ્રસંગ આવે છે ને તેમાંથી જુદાઈ જન્મે છે. પુરુષ કહે કે અમુક ભોજન બનાવો અને સ્ત્રી કહે કે મને ખપતું નથી; અથવા સ્ત્રી કહે કે મંદિરમાં ચાલો અને પુરુષ કહે કે મારી મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી; ત્યારે કેવો વિસંવાદ ઊભો થાય છે? તે આપણે જાણીએ છીએ. આ જ વસ્તુ નાની મોટી અનેક બાબતોમાં સમજી લેવાની છે. તેથી કુલની સાથે શીલની સમાનતા પણ આવશ્યક છે.

વૈભવ, વેશ, ભાષા વગેરેમાં પણ સમાનતા હોય તે જરૂરી છે. પૈસાદાર પતિ અને ગરીબ પત્ની કે ગરીબ પતિ અને પૈસાદાર પત્ની એ એક પ્રકારનું કજોડું છે. તેનું પરિણામ ભાગ્યે જ સંતોષી જીવનમાં આવે છે. વેશ અને ભાષા જુદી હોય ત્યાં પણ વિચિત્ર સ્થિતિ પેદા થાય છે. પુરુષને સ્ત્રીનો વેશ ગમતો નથી અને સ્ત્રીને પુરુષનો

વેશ ગમતો નથી. તે જ રીતે પુરુષ સ્ત્રીની વાત પૂરી સમજતો નથી અને સ્ત્રી પુરુષની વાત પૂરી સમજતી નથી. એમાં કેટલીક વાર ભયંકર છબરડા પણ વળી જાય છે. ગુજરાતી અને બંગાળી, બંગાળી ને પંજાબી કે પંજાબી ને મદ્રાસી સ્ત્રીપુરુષનાં જે જોડાં બન્યાં છે, તેમનાં જીવનની કથની આનંદ ઉપજાવે એવી તો નથી જ. તેથી વૈભવ, વેશ અને ભાષામાં પણ સમાનતાની જરૂર છે.

કુલ, શીલ વગેરે સમાન હોય પણ વર કે કન્યા સ્વગોત્રી હોય તો તેની સાથે વિવાહ કરવો યોગ્ય નથી. જે એક જ પુરુષથી ચાલ્યા આવતા વંશમાં ઉત્પન્ન થયેલ હોય તે સ્વગોત્રી કહેવાય છે. આવા સ્વગોત્રી સાથે લગ્ન થવાથી સંતતિ નબળી પાકે છે અને સમસ્ત પ્રજાનું ધોરણ નીચું ઉતરી જાય છે, એટલે તે વ્યવહાર કે ધર્મનાં કાર્ય સિદ્ધ કરી શકતી નથી. આજના વૈજ્ઞાનિકોએ ક્રોસ બ્રીડીંગ એટલે બીજા વંશના પશુઓથી ઓલાદ પેદા કરાવવાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે, તે સ્વગોત્રી સાથે વિવાહ નહિ કરવાની શિક્ષાને સર્વથા યોગ્ય ઠરાવે છે. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે લાંબા સમયનું અંતર પડવાથી જેનો ગોત્ર સંબંધ તૂટી ગયો હોય તેને અન્યગોત્રીય સમજવા.

શાસ્ત્રકારોએ લગ્ન જીવનના જે લાભો બતાવ્યા છે, તે પણ પાઠકોએ બરાબર લક્ષમાં લેવા જેવા છે. લગ્નનું ફળ કુલીન સ્ત્રીનો લાભ છે. કુલીન સ્ત્રીથી ધર્મની સુંદર આરાધના થઈ શકે છે, સંતતિ ઉત્તમ થાય છે, ચિત્ત સ્વસ્થ રહે છે, ગૃહકાર્યની સુઘડતા જળવાઈ રહે છે, આચારની રક્ષા થાય

છે અને અતિથિ તથા સ્નેહીજનોનો યોગ્ય સત્કાર થઈ શકે છે. વેશ્યાઓને રખાત તરીકે રાખવાથી કે મુક્ત સહચારથી આમાંનો કોઈ લાભ મળી શકતો નથી, એટલે ગૃહસ્થે યોગ્ય વિવાહ કરીને પોતાનું જીવન ગાળવું હિતાવહ છે. કોઈને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવું હોય તો તેણે ગૃહસ્થાશ્રમમાં ન રહેતાં સાધુજીવનનો સ્વીકાર કરી લેવો ઈષ્ટ છે.

(૩) **शिष्टाचारप्रशंसा**—શિષ્ટાચારવાળાની પ્રશંસા કરવી. જે પુરુષો જ્ઞાનવૃદ્ધની પાસે રહીને શિક્ષા પ્રાપ્ત કરે છે, તે શિષ્ટ કહેવાય છે. તેમનું આચરણ સામાન્ય રીતે આવું હોય છેઃ (૧) સર્વની નિંદાનો ત્યાગ કરવો. (૨) સજ્જન પુરુષોની પ્રશંસા કરવી. (૩) આપત્તિમાં ધૈર્ય ધારણ કરવું. (૪) અભ્યુદયમાં એટલે ચડતીના સમયમાં ક્ષમા રાખવી. (૫) પ્રસંગ અનુસાર થોડું બોલવું. (૬) ખોટા વાદવિવાદનો ત્યાગ કરવો. (૭) સ્વીકારેલાં કાર્યને પાર પાડવું. (૮) કુલધર્મનું પાલન કરવું. (૯) ખોટા ખર્ચનો ત્યાગ કરવો. (૧૦) મુખ્ય કાર્ય કરવાનો આગ્રહ રાખવો. (૧૧) પ્રમાદ કે આળસનો ત્યાગ કરવો. (૧૨) લોકાચારનું પાલન કરવું. (૧૩) ઉચિત પ્રવૃત્તિ કરવી. (૧૪) કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ નિંદ્ય કામમાં જોડાવું નહિ. આ આચરણની પ્રશંસા કરવી એટલે તેને સારું માનીને તેમાં પ્રવૃત્ત થવું.

(૪) **अरिषड्वर्गत्यजनं**—કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ છ અંતરનાં શત્રુ ગણાય છે, તેનો ત્યાગ કરવો. કામ એટલે અન્ય પરિગૃહીતા, કન્યા, વિધવા વગેરે

સાથે વિષય ભોગવવાની દુષ્ટ ઈચ્છા. ક્રોધ એટલે પોતાને તથા પારકાને નુકશાન પહોંચાડે તેવો હૃદયનો રોષ કે ગુસ્સો. લોભ એટલે છતી શક્તિએ દાન ન આપવું કે વિના કારણે બીજાની પાસેથી ધન લેવાની ઈચ્છા રાખવી. માન એટલે દુરાગ્રહે ચડવું કે વ્યાજબી વચન સ્વીકારવું નહિ. મદ એટલે કુલ, બલ, જાતિ, ધન, વિદ્યા, રૂપ વગેરે બાબતમાં પોતાને ઉચ્ચ માની બીજાને હલકો પાડવો. હર્ષ એટલે થોડા લાભ મળ્યે ફૂલાઈ જવું કે અનર્થકારી કાર્યો કરીને ખુશ થવું.

(૫) **इन्द्रियाणां जयः**—ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી. જેની ઇન્દ્રિયો કાબૂમાં કે વશમાં નથી, તે અનેક પ્રકારનું દુઃખ પામે છે અને વખતે પ્રાણ પણ ગુમાવે છે. તે બાબતમાં શાસ્ત્રકારોએ હાથી, મત્સ્ય, ભ્રમર, પતંગ અને સાપનાં જે ઉદાહરણો આપ્યાં છે, તે અહીં વિચારણીય છે.

હાથી સ્પર્શસુખની અધિક કામનાવાળો છે, એટલે હાથણીને જોઈ તેનો સ્પર્શ કરવા દોડે છે. તેનો આ સ્વભાવ જાણીને હાથી પકડનારાઓ જંગલમાં એક ખાડો ખોદે છે, તેના પર વાંસ વગેરે મૂકી તેને પાંદડાંથી ઢાંકે છે અને તેની એક બાજુ બનાવટી હાથણી ઊભી રાખે છે. આ હાથણીને જોતાં હાથી દોડતો આવે છે અને પેલા ખાડામાં પડી હાથી પકડનારાઓના હાથમાં જાય છે. આ રીતે સ્પર્શસુખની અધિક કામનાથી તે સ્વતંત્ર મટી પરતંત્ર થાય છે અને અનેકવિધ યાતનાઓ ભોગવે છે. મત્સ્ય એટલે માછલું. તે રસલાલસાને લીધે કાંટા પર રહેલો

માંસનો ટુકડો ખાવા દોડે છે અને તે કાંટો તેનાં ગળામાં ભોંકાતાં પ્રાણ ગુમાવે છે. ભ્રમર સુગંધની આસક્તિએ કમળમાં પડયો રહે છે અને હાથીઓ એ કમળને મુખમાં પધરાવતાં મૃત્યુને શરણ થાય છે. પતંગ રૂપની લાલસાએ દીવાની જ્યોતમાં ઝંપલાવે છે અને બળીને ખાખ થઈ જાય છે. સાપ શબ્દશ્રવણની લાલસાએ મોરલીના નાદથી ડોલવા માંડે છે અને મદારીના હાથે પકડાઈ જાય છે. પછી આખું જીવન કરંડિયામાં પરાધીનપણે વીતાવવું પડે છે. આ રીતે એક એક ઇંદ્રિય કાબૂમાં નહિ રાખવાથી ભયંકર પરિણામ આવે છે, તો જેની પાંચે ઇંદ્રિયો કાબૂમાં ન હોય તેનું કહેવું જ શું ?

(૬) **उपप्लुतस्थानविवर्जनम्**—ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો. શત્રુની ચડાઈ થવાથી, બળવો જાગવાથી, રોગચાળો ફાટી નીકળવાથી, દુકાળથી, અતિવૃષ્ટિથી કે એવાં જ બીજાં કોઈ કારણોએ જે સ્થાન ઉપદ્રવવાળું બન્યું હોય તેનો ત્યાગ કરવો. હઠ કરીને એવાં સ્થાનમાં પડયા રહેતાં સર્વસ્વ ગુમાવવાનો પ્રસંગ આવે છે.

(૭) **सुप्रातिवेश्मिके स्थानेऽनतिप्रकटगुप्तके । अनेक-निर्गमद्वारं गृहस्य विनिवेशनम्** । સારા પાડોશવાળા સ્થાનમાં, અતિ પ્રકટ પણ નહિ અને અતિ ગુપ્ત પણ નહિ, એવા ઘણા દ્વારો વિનાના ઘરમાં રહેવું.

સારા પાડોશમાં રહેતાં આપણાં જીવન પર સારી અસર થાય છે અને ખરાબ પાડોશમાં રહેતાં આપણાં જીવન પર ખરાબ અસર થાય છે. ‘કયા પાડોશને ખરાબ

ગણવો ?' એ પ્રશ્નના ઉત્તરમાં જેમ મહર્ષિઓએ નીચેની ગણના કરાવી છેઃ

જ્યાં દાસપણું કરનારા, પશુઓથી ભાડાં વગેરે દ્વારા આજીવિકા ચલાવનારા, લોકોને હાસ્ય-વિસ્મયથી રંજિત કરનારા એટલે મશ્કરા કે ભેવડા, સાધુ-સંન્યાસી વગેરે રહેતા હોય તેને ખરાબ પાડોશ ગણવો. તેજ રીતે જ્યાં સ્મશાનરક્ષક, જાળ નાખનાર, પારધિ, શિકારી, ચાંડાલ, ભીલ વગેરે હલકી જાતિના મનુષ્યો રહેતા હોય તેને પણ ખરાબ પાડોશ ગણવો અને વેશ્યા, ભાંડ, નટ, ભાટ, ચામડાં કેળવનારા, અધર્મી, નિર્લજ્જ, ચોર, રોગી, સ્વામી-દ્રોહી કે-સ્ત્રીબાળહત્યા કરનાર વસતા હોય, તેને પણ ખરાબ પાડોશ ગણવો.

જે જમીનમાં હાડકાં, કોલસા વગેરે શલ્યો ન હોય, જે જમીનમાં ઘણા પ્રમાણમાં ધરો વગેરે ઉગતી હોય, જે જમીનની માટી સારા વર્ણગંધવાળી હોય, જે જમીનમાં સ્વાદિષ્ટ પાણી હોય તે જમીન પર ગુણદોષસૂચક શંકુન, સ્વપ્ન તથા લોકવાયકા વગેરે જાણીને ઘર બાંધવું.

સારો પાડોશ અને શુદ્ધ ભૂમિ પણ અતિ પ્રકટ એટલે રાજમાર્ગ ઉપર કે અતિ ગુપ્ત એટલે ગલીકુંચીમાં ન જોઈએ. રાજમાર્ગ ઉપર પોળ-દરવાજાના અભાવે ચોરી વગેરેનો ભય વિશેષ રહે અને ગલીકુંચીમાં હોય તો શોભા ધારણ કરે નહિ. વળી ભય વખતે તેમાંથી નીકળી જવાનું પણ મુશ્કેલ બને.

ઉપરાંત તે ઘર જવા આવવાનાં ઘણાં દ્વારોવાળું

ન હોવું જોઇએ, કારણ કે તેથી ધન અને કુલસ્ત્રીઓ વગેરેની રક્ષા થઈ શકે નહિ.

આ રીતે સારા પાડોશમાં, શુદ્ધ ભૂમિ પર અતિ ગુપ્ત પણ નહિ અને અતિ પ્રકટ પણ નહિ, તેમજ ઘણાં દ્વારો વિનાનું ઘર ધર્મનું પોષક બને છે, માટે તેનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૮) **पापभीरुता**—પાપથી ડરતાં રહેવું.

આપણે સર્પની નજીક જતા નથી, કારણ કે તેમ કરતાં સર્પદંશ થવાનો ભય રહે છે અને તેથી પ્રાણહાનિનો સંભવ છે. આપણે અગ્નિની નજીક પણ જતા નથી, કારણ કે તેમ કરતાં તેની ઝાળ આપણાં કપડે અડી જવાનો ભય રહે છે અને તેથી આપણે સળગી ઊઠીએ તેવો સંભવ છે. આપણે વિષની નજીક પણ જતા નથી, કારણ કે કેટલાંક વિષો સ્પર્શમાત્રથી પણ પ્રાણનો નાશ કરનારાં હોય છે. આ કારણે આપણે તે બધાથી ડરીને ચાલીએ છીએ અને તો જ આપણા પ્રાણની રક્ષા કરી શકીએ છીએ.

આ રીતે પાપને પણ અત્યંત હાનિકર માની તેનાથી ડરતા રહીએ તો જ આપણે પાપથી બચી શકીએ. 'પાઇમાં શું?' 'પૈસામાં શું?' એમ માનીને જુગારની નજીક જનારા આખરે પોતાની તમામ મિલકત હારી જાય છે અને રસ્તાના રઝળતા ભીખારી થાય છે. આજ પેન ચોરી, કાલે પૈસો ચોર્યો, એ રીતે ચોરીની નજીક જનાર આખરે મહાન ચોર બને છે અને લાજઆબરૂના નાશ સાથે અનેક જાતની શિક્ષા પામી ભયંકર દુઃખ ભોગવે છે.

માંસભક્ષણ, મદિરાપાન, પરસ્ત્રીસેવન, વેશ્યાગમન, શિકાર વગેરે પાપો પણ જીવનની ભયંકર પાયમાલી નોતરનારાં છે, એટલે તેનાથી ડરીને ચાલવું એ જ ગૃહસ્થજીવનની શોભા છે.

(૯) **ख्यातदेशाचारप्रपालनम्**—પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું. શિષ્ટ પુરુષોની સંમતિપૂર્વક પ્રવર્તેલા દેશના જે આચારો લાંબા કાળથી રૂઢ થયેલા હોય અને તેથી વ્યવહારરૂપ બની ગયા હોય તેનું પાલન કરવું. તેથી વિરુદ્ધ વર્તન કરતાં અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડે છે, ધર્મની નિંદા થાય છે અને પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે.

(૧૦) **सर्वेष्वनपवादित्वं नृपादिषु विशेषतः**—કોઈનો અવર્ણવાદ બોલવો નહિ, રાજા વગેરેનો ખાસ કરીને. અવર્ણવાદ બોલવો એટલે ઘસાતું બોલવું કે નિંદા કરવી. કોઈની નિંદા કરવાથી મન દૂષિત થાય છે, વાણી અપવિત્ર થાય છે, સમય બગડે છે અને શત્રુઓ ઊભા થાય છે, તેથી નિંદા કરવાની ટેવ બહુ બૂરી મનાય છે. રાજા વગેરે માન્ય વર્ગની નિંદા તો બિલકુલ કરવી નહિ, કારણ કે તે એમનાં જાણવામાં આવે તો દ્રવ્ય અને પ્રાણ બંનેની હાનિ થાય છે. વર્તમાન કાળમાં પ્રધાનો, મોટા અધિકારીઓ વગેરેની ગણના માન્ય વર્ગમાં થાય છે. તેમની નિંદા કરવાથી અનેક વર્તમાનપત્રોએ તથા પેઢીઓએ ખૂબ નુકશાન વેઠયાના દાખલાઓ અમારી જાણમાં છે, એટલે માન્ય વર્ગની નિંદા ન કરવાની સલાહ ઘણી જ ઉપયોગી છે. કોઈ માણસની નાનકડી ભૂલને ખૂબ મોટું રૂપ આપી તેને ઉતારી પાડવો એ દુષ્ટતાભર્યો વ્યવહાર છે, એટલે

અહીં તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

(૧૧) **आयोचितव्ययः**—ખર્ચ આવક પ્રમાણે રાખવો. જેઓ ઉડાઉપણાની આદતથી કે બીજાની દેખાદેખીથી આવક કરતાં ખર્ચ ઘણો રાખે છે, તે થોડા જ વખતમાં કઢંગી સ્થિતિમાં આવી પડે છે. અર્થાત્ તેની પાસે જે મૂડી હોય તે ખલાસ થાય છે, બીજાનો દેવાદાર બને છે અને કદી અવળા માર્ગે પણ ચડી જાય છે. અવિચારી ખર્ચ કરવાથી રાજા-મહારાજાના ભંડાર પણ ખૂટી જાય છે, ત્યાં સામાન્ય ગૃહસ્થોનું તો કહેવું જ શું? ત્રેવડ એ ત્રીજો ભાઈ છે, એમ માનીને ચાલનારો ગૃહસ્થ જ આદર્શ બની શકે છે.

(૧૨) **वेषो विभवाद्यनुसारतः**—પોશાક વૈભવ વગેરે પ્રમાણે રાખવો. ગૃહસ્થની જેવી સ્થિતિ કે જેવો દરજ્જો હોય તેવો પોશાક પહેરવો યોગ્ય છે. એક શ્રીમંત માણસ મેલાંઘેલાં કે ફાટેલાંતૂટેલાં વસ્ત્ર પહેરે તો લોકો જરૂર માને કે આ તો ભારે કૃપણ છે. તે જ રીતે સામાન્ય સ્થિતિનો ગૃહસ્થ એકદમ ભારે પોશાક પહેરીને નીકળે તો લોકો જરૂર માને કે આ તો ઉડાઉ છે કે કોઈની બનાવટ કરવા નીકળ્યો છે. દરજ્જાને યોગ્ય પોશાક નહિ પહેરવાથી પણ લોકોમાં નિંદા થવાનો સંભવ છે, એટલે અધિકારી, ડૉકટર, વૈદ્ય, વકીલ, વ્યાપારી વગેરેએ પોતપોતાના દરજ્જાને યોગ્ય પોશાક પહેરવો જોઈએ. અહીં એટલું યાદ રાખવું કે સુઘડતા દરેક અવસ્થાવાળા માટે જરૂરી છે.

(૧૩) **मातापित्रर्चनम्**—માતાપિતાની સેવા કરવી. માતાપિતા અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને પુત્રપરિવારને

મોટો કરે છે અને તેને માટે ભારે ભોગ આપે છે, તેથી તેમનો ઉપકાર આ જગતમાં સહુથી મોટો ગણાય છે. તેમના પ્રત્યે પુત્ર-પુત્રીઓનું વર્તન વિનયભરેલું જ હોવું જોઇએ. તેમની સેવા કરવી એટલે તેમને ત્રિકાલ પ્રણામ કરવા, આલોક-પરલોકમાં હિતકર એવી ધાર્મિક પ્રવૃત્તિમાં જોડવા, તીર્થયાત્રા કરાવવી, દરેક બાબતમાં તેમનું માન રાખવું, ફળ-ફૂલ-મેવા-મીઠાઈ આદિ જે કંઈ નવું આવ્યું હોય તે પ્રથમ તેમની આગળ ધરીને પછી જ વાપરવું, તેમને જમાડીને જમવું, સૂવાડીને સૂવું, તેમની તબિયત બરાબર ન હોય તો ઉપચાર કરવા, વૈદ્ય-ડોકટરને બોલાવી લાવવા તથા તેમને જે રીતે સુખ ઉપજે તેમ કરવું. માતાપિતાની ઉત્તમ પ્રકારે સેવાભક્તિ કરવા માટે શ્રવણ-કુમારનું જીવન આપણા દેશમાં ઉદાહરણ રૂપ ગણાય છે. તેણે વૃદ્ધ માતાપિતાને કાવડમાં ખભે ઉચકી પગપાળા અનેક તીર્થોની યાત્રા કરાવી હતી. ભરતને રાજ્ય સોંપવાનાં પિતા દશરથનાં વચનને અખંડ રાખવા રામચંદ્રજીએ વનવાસ સ્વીકાર્યો હતો.

(૧૪) **સદાચારૈઃ સંગઃ**—સંગ સદાચારી પુરુષોનો કરવો. સામાન્ય રીતે મનુષ્યને એકલા ગોઠતું નથી, એટલે તે કોઈનો સંગ કે કોઇની સોબત ઇચ્છે છે. આ સંગ જો સદાચારી પુરુષોનો થાય તો તેનામાં સદાચાર આવી તેનું જીવન સુધરે છે અને દુરાચારી પુરુષોનો થાય તો તેનામાં અનેક જાતના દુર્ગુણો દાખલ થઈ તેનું જીવન બગડે છે. પોપટનાં બે બચ્ચાંઓમાંથી જે સદ્‌ગૃહસ્થને ત્યાં વેચાયું,

તે ‘આવો–પધારો’ એમ બોલતાં શીખ્યું અને જે વાઘરીને ત્યાં વેચાયું, તે ‘મારો–કાપો’ એમ બોલતાં શીખ્યું, એટલે સંગની અસર પશુ, પંખી કે મનુષ્યનાં જીવન પર સ્પષ્ટ છે. કાગડાની સાથે પ્રવાસ કરતાં હંસના પ્રાણ ગયા એ કોણ નથી જાણતું? અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે ‘મનુષ્ય જેવા મિત્રો કરે છે, તેવો જ તે હોય છે.’ તાત્પર્ય કે સારાની સોબત કરે તો એ સારો છે અને ખરાબની સોબત કરે તો એ ખરાબ છે.

(૧૫) **कृतज्ञता**—કરેલા ઉપકારને જાણવો. કોઈએ નાનો પણ ઉપકાર કર્યો હોય તો તેને યાદ રાખવો અને પ્રસંગ મળતાં તેનો અનેક ગણો બદલો વાળવાની ભાવના રાખવી. ઊંદર જેવા એક તિર્યંચ પ્રાણીએ પોતાના પર થયેલા ઉપકારને યાદ લાવી સિંહની જાળ કાપી હતી, તો બુદ્ધિમાન મનુષ્ય પોતાના ઉપર થયેલા ઉપકારને કેમ ભૂલી શકે? જેઓ પોતાના પર થયેલા ઉપકારને ભૂલી જાય છે, તેઓ કૃતઘ્ન કહેવાય છે અને તેમની ગણના દુષ્ટ પુરુષોમાં થાય છે.

(૧૬) **अजीर्णेऽभोजनम्**—અજીર્ણ હોય તો જમવું નહિ. પ્રથમનું ભોજન બરાબર પચ્યા વિના જમવાથી અનેક પ્રકારના રોગો થાય છે અને શરીરસ્વાસ્થ્ય બગડે છે. વૈદકશાસ્ત્ર કહે છે કે નીચેનાં ચિહ્નો જણાય તો અજીર્ણ જાણવું: (૧) પૂંઠેથી દુર્ગંધવાળો વાયુ છૂટવો. (૨) ઝાડામાં વાસ આવવી. (૩) ઝાડો બંધાયા વિનાનો થોડો થોડો

ઉતરવો. (૪) શરીર ભારે લાગવું. (૫) અન્ન પર રુચિ ન થવી. (૬) ખરાબ ઓડકારો આવવા વગેરે. અજીર્ણને દૂર કરવાના ઉપાયો અનેક છે, તેમાં આહારત્યાગનો ઉપાય સહુથી શ્રેષ્ઠ છે, તેથી જ અહીં અજીર્ણ હોય તો જમવું નહિ, એવી શિક્ષા અપાયેલી છે.

(૧૭) **काले भुक्तिः सात्म्यादलौल्यतः**—અવસરે પ્રકૃતિને અનુકૂળ લાલસા વિના જમવું. ગૃહસ્થે કેવું ભોજન કરવું? તે માટે અહીં ત્રણ નિયમો જણાવ્યા છે. પ્રથમ તો ભોજન અવસરે એટલે રોજના સમયે કરવું. એથી ખોરાક પર રુચિ થાય છે અને ખાધેલું પચી જાય છે. એક દિવસ સવારના દશ વાગે તો બીજા દિવસે બપોરના બાર વાગે અને ત્રીજા દિવસે બપોરના દોઢ-બે વાગે એમ ભોજન કરવાથી ભૂખ મરી જાય છે તથા પાચનશક્તિમાં અવ્યવસ્થા પેદા થાય છે. 'સો કામ મૂકીને ખાવું' એ કહેવતનો અર્થ એ છે કે કામધંધાની ગમે તેવી ધમાલ હોય તો પણ ખાવાનો સમય સાચવી લેવો.

બીજું, જે ભોજન પ્રકૃતિને અનુકૂળ હોય તેવું કરવું, પણ પ્રતિકૂળ હોય તેવું કરવું નહિ. કયું ભોજન પોતાને અનુકૂળ છે અને કયું ભોજન પોતાને પ્રતિકૂળ છે? એ દરેક મનુષ્ય પોતાના અનુભવથી જાણી શકે છે, છતાં સમજ પડતી ન હોય તો વૈદ્ય, ડૉકટર કે આહારશાસ્ત્રીની સલાહ લઇ એ બાબતનો નિર્ણય કરી શકાય છે.

ત્રીજું, ભોજન પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય તોપણ લાલસાથી કરવું નહિ. ડાઢે સ્વાદ લાગવાથી પ્રમાણ કરતાં

વધારે ખાઈ લેવું એ લાલસાથી ભોજન કર્યું કહેવાય. એનું પરિણામ સ્વાસ્થ્યના બગાડમાં જ આવે. ઊણોદરી રહેવામાં કેટલા ફાયદા છે, તે **તપની મહત્તા** નામના આઠમા નિબંધમાં જોઈ શકાશે.

(૧૮) **वृत्तस्थज्ञानवृद्धार्चा**—સારી વર્તણુકવાળા અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી. નઠારી વર્તણુકમાંથી નિવૃત્ત થનાર અને સારી વર્તણુકમાં સ્થિર થનારને વૃત્તસ્થ કહેવાય છે અને જેમનો જ્ઞાનખજાનો વિપુલ હોય છે, તેમને જ્ઞાનવૃદ્ધ કહેવાય છે. આ બંને પ્રકારના પુરુષોની સેવા કરવાથી આચરણ સુધરે છે તથા જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

(૧૯) **गर्हितेष्वप्रवर्तनम्**—નિંદ્ય કામમાં પ્રવૃત્તિ કરવી નહિ. જે કામ સમાજમાં અધમ, હલકું કે નિંદ્ય ગણાતું હોય તેમાં પ્રવૃત્તિ કરવાથી પ્રતિષ્ઠાનો નાશ થાય છે અને પ્રતિષ્ઠાનો નાશ થયે ક્રમશઃ સર્વનો નાશ થાય છે. કોઈ મનુષ્ય ઉત્તમ કુળમાં જન્મ્યો હોય પણ નિંદ્ય પ્રવૃત્તિ કરે તો એ પોતાનાં સ્થાનેથી ઉતરી પડે છે અને કોઈ મનુષ્ય હલકા કુળમાં જન્મ્યો હોય પણ સારાં કામો કરે તો ઉન્નતિને પામે છે. આ વસ્તુ લક્ષમાં રાખી નિંદ્ય પ્રવૃત્તિ કરવી નહિ.

(૨૦) **भर्तव्यभरणम्**—જે ભરણપોષણ કરવા યોગ્ય હોય તેનું ભરણપોષણ કરવું. માતા, પિતા, દાદા, દાદી, પત્ની, પુત્રાદિ પરિવાર તથા આશ્રયે રહેલાં સગાંવહાલાં અને નોકરચાકર ભરણપોષણ કરવા યોગ્ય છે. તેમાં માતપિતા, સતી સ્ત્રી અને પોતાના નિર્વાહની જેમાં શક્તિ નથી તેવા પુત્રપુત્રી-

ઓનું ભરણપોષણ તો કોઈ પણ ભોગે એટલે નોકરી, ચાકરી, મજૂરી કે સામાન્ય ગણાતો હોય એવો ધંધો કરીને પણ કરવું અને સ્થિતિ સારી હોય કે ધંધો સારો ચાલતો હોય તો બીજાં સગાંવહાલાં વગેરેનું પણ ભરણપોષણ કરવું. કહ્યું છે કે—

चत्वारि ते तात! गृहे वसन्तु,
श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो भगिनी व्यपत्या,
ज्ञातिश्च वृद्धो विघनः कुलीनः ॥

'હે તાત! ગૃહસ્થધર્મને વિષે સંપત્તિથી યુક્ત એવા તમારાં ઘરમાં દરિદ્રી મિત્ર, છોકરા વગરની બહેન, કોઈ પણ વૃદ્ધ જ્ઞાતિજન અને નિર્ધન થઇ ગયેલો કુલીન માણસ એ ચાર હમેશા નિવાસ કરીને રહો!' અર્થાત સદ્‌ગૃહસ્થે આ ચારનું પણ પોષણ કરવું યોગ્ય છે.

અહીં શાસ્ત્રકાર મહર્ષિઓએ કેટલીક સૂચના આપી છે, તે પણ વિચારવા યોગ્ય છે. તેમાંની પ્રથમ સૂચના એ છે કે **तस्य यथोचितविनियोग इति**–તે બધાને ઉચિત કાર્યમાં જોડવા. અર્થાત્ જેને જે કાર્ય યોગ્ય હોય, તેને તે કાર્ય સોંપવું, પણ તદ્દન નવરા રાખવા નહિ. 'નવરા માણસો નખ્ખોદ વાળે' એ કહેવત સહુ જાણે છે. બીજી સૂચના એ છે કે **तत्प्रयोजनेषु बद्धलक्षतेति**-તેમના ધર્મ, અર્થ અને કામ સંબંધી પ્રયોજનમાં હમેશા લક્ષ રાખવું. અર્થાત્ તેમને ધર્મારાધન અંગે જે કંઈ સાધન-સગવડની જરૂર હોય તે કરી આપવી, બે પૈસા વાપરવા આપવા ને આનંદવિનોદ

પણ કરાવવો. ત્રીજી સૂચના એ છે કે **अपायपरिक्षोद्योग इति**–તેમાંનું કોઈ અયોગ્ય રસ્તે ન ચડી જાય તે માટે પ્રયાસ કરવો–કાળજી રાખવી. અને ચોથી સૂચના એ છે કે **गर्ह्ये ज्ञान-स्वगौरवरक्षेति**–જો તે પોષ્ય વર્ગ નિંદા કરવા યોગ્ય થાય તો ગૃહસ્થે પોતાનાં જ્ઞાન અને ગૌરવની રક્ષા કરવી. અર્થાત્ તેમને એ માર્ગે જવાનું ઉત્તેજન ન આપતાં પોતાની લાજઆબરૂ જળવાઈ રહે એ રીતે વર્તવું.

(૨૧) **दीर्घदृष्टि**—દીર્ઘદર્શી થવું. જે મનુષ્ય લાભાલાભનો પૂરતો વિચાર કર્યા વિના કોઈ પ્રવૃત્તિમાં ઝંપલાવે છે, તે ટૂંકી દૃષ્ટિવાળો કહેવાય છે અને જે મનુષ્ય લાભાલાભનો પૂરતો વિચાર કરી લાભદાયી પ્રવૃત્તિમાં ઝુકાવે છે તે દીર્ઘદૃષ્ટિવાળો કે દીર્ઘદર્શી કહેવાય છે. દીર્ઘદર્શીને પ્રાયઃ વિપત્તિ આવતી નથી, જ્યારે ટૂંકી દૃષ્ટિવાળો અનેક પ્રકારની આફતોમાં સપડાય છે અને લાજઆબરૂ ગુમાવે છે.

(૨૨) **धर्मश्रुतिः**—રોજ ધર્મકથા સાંભળવી. ગૃહસ્થજીવનમાં અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિ હોય છે, તેમ છતાં થોડો સમય મેળવી સદ્ગુરુઓ દ્વારા કહેવાતી ધર્મકથા સાંભળવી. આ રીતે ધર્મકથા સાંભળવાથી મનુષ્યભવનું કર્તવ્ય સમજાય છે, તત્ત્વનો બોધ થાય છે અને સદાચારમાં સ્થિર થવાનું બળ આવે છે. અહીં શાસ્ત્રકારોએ નોળવેલનું દૃષ્ટાંત આપ્યું છે, તે મનન કરવા યોગ્ય છે. નોળિયો સાપ સાથે લડવા માંડે છે, ત્યારે સાપ તેને અનેક જગાએ દંશ દે છે, પણ નોળિયો પોતાનાં દરમાં પેસી નોળવેલ નામની એક બુટ્ટી સુંઘી લે છે, એટલે તેનું ઝેર

ઉતરી જાય છે. આ પ્રમાણે જીવનની અનેક પ્રકારની ગડમથલમાં મનુષ્ય જુદાં જુદાં પાપોનું આચરણ કરે છે, પણ તે રોજ ધર્મ સાંભળે તો એ પાપમાંથી પાછા હઠવાની પ્રવૃત્તિ કરી શકે છે અને ધર્મપરાયણ બની આદર્શ જીવન ગાળી શકે છે.

(૨૩) **दया**—દયાળુ થવું. કોઈનાં દુઃખે દુઃખી થવું અને તેને દુઃખમાંથી બચાવવાની ભાવના રાખવી તે દયા કહેવાય છે. 'આપણે શું?' 'એનાં કર્યાં એ ભોગવશે.' 'એવા તો ઘણાય આવે, બધાને શી રીતે મદદ કરીએ?' વગેરે વિચારોથી પ્રેરાઈને દુઃખીઓની ઉપેક્ષા કરવી કે તેમનો તિરસ્કાર કરવો, એ એક પ્રકારની અધમતા છે. સંત તુલસીદાસજીએ કહ્યું છે કે—

દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાન.

(૨૪) **अष्टबुद्धिगुणैर्योगः**—બુદ્ધિના આઠ ગુણોનું સેવન કરવું. ૧ શુશ્રૂષા–તત્ત્વ સાંભળવાની ઈચ્છા. ૨ શ્રવણ–તત્ત્વ સાંભળવું. ૩ ગ્રહણ–સાંભળેલું ગ્રહણ કરવું. ૪ ધારણ–ગ્રહણ કરેલાને ભૂલવું નહિ. ૫ ઊહ–જે અર્થ ગ્રહણ કર્યો તેને અન્વયથી વિચારવો, અર્થાત્ તે શી રીતે સંગત બને તે દાખલા દલીલથી વિચારવું. ૬ અપોહ–તેજ અર્થને વ્યતિરેકથી વિચારવો, અર્થાત્ એના અભાવમાં કેવી વિરુદ્ધ પરિસ્થિતિ હોય તે યુક્તિ–દૃષ્ટાન્તથી જોવું. ૭ અર્થવિજ્ઞાન–ભ્રમાદિ દોષો રહિત અર્થનું જ્ઞાન અને ૮ તત્ત્વજ્ઞાન–અર્થનો નિશ્ચિત બોધ. એ બુદ્ધિના આઠ ગુણો કહેવાય છે. તેનું

સેવન કરવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. '**જીવનનું ધ્યેય**' નામક નિબંધમાં આ ગુણો પર વિસ્તારથી વિવેચન કરેલું છે, તે પાઠકોને યાદ હશે.

(૨૫) **गुणेषु पक्षपातः**—ગુણનો પક્ષપાત કરવો. ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, ઉદારતા, દાક્ષિણ્ય, ધૈર્ય, પવિત્રતા, ધર્મપરાયણતા વગેરે ગુણો ગણાય છે. તેનો પક્ષપાત કરવો, એટલે તેની પ્રશંસા કરવી. તાત્પર્ય કે જેનામાં આવા ગુણો હોય તેમની પ્રશંસા કરવી, તેમનો સત્કાર કરવો અને તેમનાં કાર્યમાં બનતી સહાય આપવી, એ આદર્શ ગૃહસ્થનું કર્તવ્ય છે.

(૨૬) **सदाऽनभिनिवेशः**—હમેશા અદુરાગ્રહી બનવું. પોતાની વાત ખોટી જણાય છતાં ન છોડવી અથવા બીજાનો પરાભવ કરવાની બુદ્ધિથી અન્યાયયુક્ત કાર્ય કરવું એ દુરાગ્રહ છે. આવો દુરાગ્રહ સેવવાથી ગૃહસ્થ પોતાની સજ્જનતા ગુમાવે છે અને ધર્મથી ચ્યુત થાય છે. જેને કોઈ પણ પ્રકારનો દુરાગ્રહ નથી, તેજ મનુષ્ય ધર્મ પામી શકે છે, એમ જાણીને હમેશા અદુરાગ્રહી થવું.

(૨૭) **विशेषज्ञानमन्वहम्**—વિશેષજ્ઞ થવું. જે મનુષ્ય કોઈ પણ વસ્તુના ગુણદોષ બરાબર સમજી શકે છે, તે વિશેષજ્ઞ કહેવાય છે. આવો વિશેષજ્ઞ મનુષ્ય બનતાં સુધી કોઈથી છેતરાતો નથી, યોગ્યની યોગ્ય કદર કરી શકે છે અને અનેક વખત ઉપયોગી થઈ પડે છે. તેથી વિશેષજ્ઞ થવું એ આદર્શ ગૃહસ્થમાટે અત્યંત આવશ્યક છે.

(૨૮) **यथार्हमतिथौ साधौ दीने च प्रतिपन्नता**—અતિથિ સાધુ અને દીનની યોગ્યતા પ્રમાણે સેવા કરવી. જેને વિશિષ્ટ ધર્મારાધનની પ્રવૃત્તિ સતત હોવાથી એ માટે કોઇ એક તિથિ નિયત નથી, તે અતિથિ કહેવાય છે. તેમાં મહાવ્રતધારી મુનિમહર્ષિઓ આવે. શિષ્ટ આચારોનું પાલન કરનાર સજ્જન પુરુષો સાધુ કહેવાય. તેમાં અભ્યાગત, મેમાન-પરોણા વગેરે આવે. અને જેની અર્થોપાર્જન વગેરે સર્વ શકિતઓ ક્ષીણ થઈ ગઈ છે એ દીનજન કહેવાય. તે બધાનો યોગ્યતા પ્રમાણે સત્કાર તથા સેવાશુશ્રૂષા કરવી ઘટે. એક લોકકવિએ કહ્યું છે કે—

મેમાનોને માન, દિલ ભરી દીધાં નહિ;
એ જાણવો હેવાન, સાચું સોરઠિયો ભણે.

(૨૯) **अन्योन्यानुपघातेन त्रिवर्गस्यापि साधनम्**—પરસ્પર બાધા ન આવે એ રીતે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને સેવવા. જેનાથી આત્માનો અભ્યુદય થાય તે ધર્મ. જેનાથી વ્યવહારનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થાય તે અર્થ અને જેનાથી ઇંદ્રિયોની તૃપ્તિ થાય કે ઇંદ્રિયોને પ્રીતિ ઉપજે તે કામ. ગૃહસ્થ આ ત્રણે વર્ગની સાધના એવી રીતે કરે કે તેમાં પરસ્પર બાધા ન આવે. એટલે એકનું સેવન અને બીજાની ઉપેક્ષા એ ઉચિત નથી. વધારે સ્પષ્ટ કહીએ તો ધર્મનું સેવન એવી રીતે ન કરવું કે જેથી અર્થ અને કામ બગડે ને લોકમાં પોતાની તથા ધર્મની હાંસી થાય. અર્થનું સેવન એવી રીતે ન કરવું કે જેથી

ધર્મ અને કામને બાધ પહોંચતાં આલોક–પરલોક બગડે, અને કામનું સેવન એવી રીતે ન કરવું કે ધર્મ અને અર્થ બગડે, જેથી આ જીવનની સગવડો અને પરલોક-હિતને બાધા પહોંચે.

(૩૦) **अदेशाकालाऽचरणम्**–દેશ અને કાલથી વિરુદ્ધ પરિચર્યાનો ત્યાગ કરવો. દેશ એટલે ક્ષેત્ર, કાલ એટલે સમય કે જમાનો અને પરિચર્યા એટલે રહેણીકરણી. અર્થાત્ જે મનુષ્ય જે ક્ષેત્રમાં રહેતો હોય અને જે જમાનામાં રહેતો હોય તેણે તેને અનુરૂપ રહેણીકરણી રાખવી, પણ તેથી વિરુદ્ધ રહેણીકરણી રાખવી નહિ. દાખલા તરીકે ક્ષેત્રની દૃષ્ટિએ કચ્છ અને સૌરાષ્ટ્રમાં છાસનો અધિક ઉપયોગ હિતાવહ છે, પણ તેવો જ ઉપયોગ સુરત જિલ્લામાં કરવામાં આવે તો જરૂર શરદી વગેરે દોષો ઉત્પન્ન થાય અને સ્વાસ્થ્ય બગડે. તે જ રીતે ઠંડા દેશમાં ગરમ દેશની પરિચર્યા અને ગરમ દેશમાં ઠંડા દેશની પરિચર્યા પણ હાનિકારક જ નીવડે. યુરોપના દેશમાં પહેરણ અને ધોતિયું પહેરવામાં આવે ને ભારત જેવા ગરમ દેશમાં કોટ અને પાટલુન પહેરવામાં આવે તે કઈ રીતિએ ઉચિત ગણાય? જમાના અંગે પણ તેમજ સમજવું. એક વખત કસવાળું અંગરખું, પાઘડી, ખેસ વગેરેનો પોશાક સુંદર ગણાતો અને તેને માન મળતું, પણ આજે કોઈ ગૃહસ્થ એવો પોશાક પહેરીને આવે તો લોકો જરૂર હસવા માંડે અથવા તે કોઈ અભણ કે ગામડિયો હશે એમ માની તેના તરફ ઉપેક્ષા કરે. તાત્પર્ય કે દેશ–કાળને યોગ્ય શિષ્ટા

ચારથી વિરુદ્ધ વર્તાવ હાંસીપાત્ર બને છે, એટલે દેશ અને કાળથી વિરુદ્ધ પરિચર્યા રાખવી યોગ્ય નથી.

(૩૧) **बलाबलविचारणम्**-બલાબલ વિચારીને કામ કરવું. અર્થાત્ પોતાનાં શારીરિક, માનસિક, આર્થિક વગેરે બળો પહોંચતા હોય તો કામ શરુ કરવું અને એ બળો ન પહોંચતા હોય તો કામ શરુ ન કરવું. શારીરિક બળ પહોંચતું ન હોય અને કામ ઉપાડવામાં આવે તો તબિયત લથડે છે અને મોટી માંદગી ખાવી પડે છે. માનસિક બળ પહોંચતું ન હોય તો કામ ઉપાડયા પછી અનેક જાતના છબરડા વળે છે અને નિરાશા ઉપજે છે. આર્થિકબળ પહોંચતું ન હોય તો આદરેલું કામ અધૂરું રહે છે અને એ સ્થિતિમાં તેને છોડી દેતાં નુકશાન વેઠવું પડે છે, તેમજ અપકીર્તિ થાય છે. તેજ રીતે લાગવગનું બળ પહોંચતું ન હોય તો કાર્યની સિદ્ધિ થતી નથી.

(૩૨) **यथार्ह लोकयात्रा**-લોકલાગણી ધ્યાનમાં રાખીને વર્તવું. જે મનુષ્ય લોકલાગણી ધ્યાનમાં રાખીને વર્તે છે, તે લોકોની પ્રીતિ સંપાદન કરે છે અને તેથી વ્યાવહારિક કાર્યોમાં સફળતા મેળવે છે. જ્યારે લોકલાગણી સ્વદેશી વસ્તુઓ વાપરવાની તરફેણમાં હતી, ત્યારે સ્વદેશીની ચળવળમાં ઝંપલાવનારે મોટું નામ પેદા કર્યું અને તેમાંથી ખૂબ લાભ ઉઠાવ્યો. તે જ રીતે જ્યારે લોકલાગણી અંગરેજોની વિરુદ્ધ હતી, ત્યારે તેને મદદ કરનારાઓ દેશદ્રોહીઓનો ઈલ્કાબ પામ્યા અને તેમને અનેક રીતે સહન કરવું પડયું. આ પ્રમાણે સર્વ બાબતમાં સમજી લેવું.

(૩૩) **परोपकृतिपाटवम्**– પરોપકાર કરવામાં કુશળ થવું. જે મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે કોઈના ઉપર નાનો કે મોટો ઉપકાર કરે છે, તેનું જીવન ધન્ય ગણાય છે. બાકીના બધા મનુષ્યો કાગડા, કૂતરા કે કીડાની જેમ પેટ ભરનારા ગણાય છે.

એક કવિએ કહ્યું છે કે—

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः
स्वादन्ति न स्वादुफलानि वृक्षाः ।
पयोमुचां किं क्वचिदस्ति शस्यं,
परोपकाराय सतां विभूतयः ॥

'નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે સ્વાદિષ્ટ ફલોનો સ્વાદ ચાખતાં નથી, વાદળાંઓ કોઈ વખત પોતે ધાન્ય ખાતાં નથી, એટલે સત્પુરુષોની સંપત્તિ પરોપકારને માટે જ છે.'

(૩૪) **ह्री**—લજ્જાવાન થવું. જે મનુષ્ય લાજ કે શરમને કોરે મૂકે છે, તે ન કરવા જેવાં કાર્યોમાં પ્રવૃત્ત થાય છે અને સમાજમાં નિર્લજ્જ કે બેશરમ તરીકે ઓળખાય છે. તેજ રીતે ઉચિત કાર્યોમાં વડિલ વગેરેનાં દાક્ષિણ્યને ન સાચવતાં આપમતિએ દુરાગ્રહી બને છે, તે પણ શરમ વિનાનો ગણાય છે, તેથી શાસ્ત્રકારોએ લજ્જાવાન થવાનો બોધ આપ્યો છે. લજ્જાવાન મનુષ્ય પ્રાણાન્તે પણ ધર્માજ્ઞા અને પ્રતિજ્ઞાનું પાલન કરે છે, અર્થાત્ ઉદ્ધત વ્યવહાર કે 'અભી બોલા અભી ફોક' એવો વ્યવહાર તેનાં જીવનમાં રાખતો નથી.

(૩૫) **સૌમ્યતા**—મુખાકૃતિ સૌમ્ય રાખવી. મુખાકૃતિ એટલે મુખમુદ્રા. તે સૌમ્ય એટલે શાંત કે પ્રસન્ન રાખવાથી અન્ય મનુષ્યો પર સારી છાપ પડે છે અને લોકપ્રિયતામાં વધારો થાય છે. અશાંત કે ચીડાયેલો ચહેરો કોઈને ગમતો નથી. લોકો તેના ચાળા પણ પાડે છે અને તેથી પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે.

આ પાંત્રીશ ગુણોનાં પાલનથી વિશેષ ગૃહસ્થધર્મની યોગ્યતા આવે છે, તેથી આદર્શ ગૃહસ્થ બનવાની ઇચ્છા રાખનારાએ આ ગુણો પોતાનાં જીવનમાં અવશ્ય ઉતારવા જોઈએ. જેમ સિંહણનું દૂધ માટીનાં પાત્રમાં ટકી શકતું નથી, પણ સુવર્ણ વગેરેનાં પાત્રમાં ટકી શકે છે, તેમ ઉચ્ચ કોટિનો ત્યાગ અને તપોમય ધર્મ આ ગુણો કેળવનારમાંજ ટકી શકે છે.

૩–વિશેષ ગૃહસ્થધર્મ અથવા શ્રાવકનાં બાર વ્રતો

યમનિયમોનાં યથાશક્તિ પાલન માટે યોજાયેલા વિશેષ ગૃહસ્થધર્મમાં સમ્યક્ત્વમૂલ બાર વ્રતોનું વિધાન કરેલું છે. આ વ્રતો સામાન્ય રીતે શ્રાવકો ધારણ કરે છે, તેથી તેને શ્રાવકનાં બાર વ્રતો કહેવામાં આવે છે. વળી તેમાં વિરતિ એટલે ત્યાગનું, દેશથી એટલે અમુક પ્રમાણમાં પાલન હોય છે, તેથી તેને દેશવિરતિ ધર્મ પણ કહેવામાં આવે છે. **શૃણોતીતિ શ્રાવકઃ**–જે સાંભળે તે શ્રાવક, એ શ્રાવક શબ્દની વ્યુત્પત્તિ છે, તેથી જે ગૃહસ્થો આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત કે સાધુ ભગવંતની સમીપે જઈને ધર્મ સાંભળે છે, તે શ્રાવક કહેવાય છે. તેનો વિશેષાર્થ

જૈન મહર્ષિઓએ આ પ્રમાણે આપ્યો છેઃ

श्रद्धालुतां श्राति पदार्थचिन्तना-
द्धनानि पात्रेषु वपत्यनारतम् ।
कृन्तत्यपुण्यानि सुसाधुसेवना-
दतोऽपि तं श्रावकमाहुरुत्तमाः ॥

'જે પદાર્થોનાં ચિંતનથી એટલે નવતત્ત્વનાં ચિંતનથી શ્રદ્ધાને પાકી કરે, પાત્રમાં નિરંતર ધન વાપરે, સુસાધુ-ઓની સેવા કરીને પાપને કાપી નાખે, તેને પણ ઉત્તમ પુરુષોએ શ્રાવક કહ્યો છે.'

અક્ષર પ્રમાણે અર્થ કરીએ તો 'શ્રા' એ શ્રદ્ધાનો સૂચક છે, 'વ' એ વિવેકનો સૂચક છે અને 'ક' એ ક્રિયાનો સૂચક છે. આ રીતે જે ગૃહસ્થ શ્રદ્ધા, વિવેક અને ક્રિયાથી યુક્ત હોય તેને શ્રાવક કહેવાય. આજે જૈન ધર્મના અનુયાયી કોઈ પણ ગૃહસ્થને શ્રાવક કહેવામાં આવે છે, તે એનો રૂઢ અર્થ છે.

સમ્યક્ત્વની ધારણા

જો મૂળ હોય તો જ થડ ટકી શકે અને ડાળા-ડાંખળીનો વિસ્તાર થાય, તેમ સમ્યક્ત્વ હોય તો જ વ્રતો ટકી શકે અને વિશેષ ધર્મનો વિસ્તાર થાય, તેથી પ્રથમ ધારણા સમ્યક્ત્વની કરવામાં આવે છે અને બાર વ્રતોને સમ્યક્ત્વમૂલ કહેવાય છે.

સમ્યક્ત્વની ધારણા કરતી વખતે શ્રી અરિહંત ભગવંત એ જ મારા દેવ છે, સુસાધુઓ એ જ મારા ગુરુ છે અને જિનોએ કહેલો ધર્મ એ જ મારે પ્રમાણ છે, એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે.

આ પ્રતિજ્ઞા જીવનપર્યંત પાળવાની હોય છે. તેનું પાલન કરતાં જો શંકા, કાંક્ષા, વિચિકિત્સા, કુલિંગીપ્રશંસા કે કુલિંગીસંસ્તવનું સેવન કરવામાં આવે તો સમ્યક્ત્વમાં અતિચાર લાગે છે, મલિનતા આવે છે, તેથી વ્રતધારી શ્રાવકે તેમાંથી અવશ્ય બચવું જોઇએ.

'શ્રી જિનેશ્વર ભગવંતે ધર્મની જે પ્રરૂપણા કરી છે, તે સાચી હશે કે કેમ?' આવી શંકા કરવી તે શંકા નામનો પ્રથમ અતિચાર છે. અન્ય મતવાળાઓનો બહારનો ભપકો જોઈને કે તેમની ક્રિયાઓમાં સરલતા જોઈને તેની અભિલાષા, ઈચ્છા કે કાંક્ષા કરવી, એ કાંક્ષા નામનો બીજો અતિચાર છે. એક વસ્તુ હિતકારી હોય, સુંદર ફલને આપનારી હોય, છતાં એવા વિચારો કરવા કે તે હિતકર હશે કે કેમ? અથવા સુંદર ફલને આપનારી હશે કે કેમ? તો એ વિચિકત્સા કરી કહેવાય. શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ તેને માટે મતિવિભ્રમ શબ્દનો પ્રયોગ કર્યો છે. અહીં 'જૈન ધર્મ તો સારો છે, પણ તેમાં પ્રવૃત્તિ કરવાથી મને ફળ મળશે કે નહિ? કારણ કે ખેતી વગેરેમાં બંને જાતનાં પરિણામો જોઇ શકાય છે, એટલે તેનું ફળ મળે પણ ખરું અને ન પણ મળે' એવી વિચારણા કરવી એ વિચિકિત્સા છે. તેમજ ત્યાગી મુનિઓનાં શરીર કે વસ્ત્રાદિ પર મેલ દેખી દુગંછા કરવી એ પણ ત્રીજો અતિચાર છે.

જેઓ ત્યાગી અને મુમુક્ષુ હોવા છતાં જીવનચર્યા તેને અનુસાર રાખતા નથી, તે કુલિંગી કે મિથ્યાત્વી કહેવાય છે.

તેમની પ્રશંસા કરવાથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે અને સમ્યકત્વ ઢીલું પડે છે, તેથી કુલિંગીપ્રશંસાને ચોથો અતિચાર માનવામાં આવ્યો છે.

કુલિંગી સાથે કે મિથ્યાત્વીઓના અતિ પરિચયમાં રહેવાથી પણ સમ્યકત્વમાં શિથિલતા આવે છે, એટલે કુલિંગીસંસ્તવ અર્થાત્ કુલિંગીપરિચયને પાંચમો અતિચાર માનવામાં આવ્યો છે. વ્રતધારી શ્રાવક આ અતિચારનું સેવન કરે નહિ એટલે કે તેમની સાથે જ રહેવું, સાથે જ ભોજન કરવું, સાથે જ ફરવા જવું વગેરે ક્રિયાનો ત્યાગ કરે અને સમ્યકત્વધારીઓના સંગમાં રહેવાનું જ પસંદ કરે.

બાર વ્રતોનાં નામ

સમ્યકત્વધારી શ્રાવકે જે બાર વ્રતો ધારણા કરવા યોગ્ય છે, તેનાં નામો આ પ્રમાણે જાણવા:—

(૧) સ્થૂલપ્રાણાતિપાત–વિરમણ–વ્રત.
(૨) સ્થૂલમૃષાવાદ–વિરમત–વ્રત.
(૩) સ્થૂલઅદત્તાદાન–વિરમણ–વ્રત.
(૪) સ્થૂલમૈથુન–વિરમણ–વ્રત.
(૫) પરિગ્રહપરિમાણ–વ્રત.
(૬) દિક્પરિણામ–વ્રત.
(૭) ભોગોપભોગપરિમાણ–વ્રત.
(૮) અનર્થદંડ-વિરમણ–વ્રત.
(૯) સામાયિક–વ્રત.
(૧૦) દેશાવકાશિક–વ્રત.

(૧૧) પોષધ-વ્રત.

(૧૨) અતિથિસંવિભાગ-વ્રત.

આ વ્રતોમાંથી પહેલાં પાંચ અણુવ્રતો કહેવાય છે, કારણ કે મહાવ્રતની અપેક્ષાએ તે ઘણાં નાનાં છે. પછીનાં ત્રણ એટલે છઠ્ઠું, સાતમું અને આઠમું ગુણવ્રત કહેવાય છે, કારણ કે તે અણુવ્રતને ગુણકારી છે, ઉપકારક છે, પુષ્ટિ કરનારાં છે. છેવટનાં ચાર એટલે નવમું, દશમું, અગિયારમું અને બારમું શિક્ષાવ્રત કહેવાય છે, કારણ કે તે મન, વચન અને કાયાને નિયમમાં રહેવાની શિક્ષા-તાલીમરૂપ છે. આ બારે વ્રતોથી ક્રમશઃ પરિચિત થઈએ.

પહેલું સ્થૂલપ્રાણાતિપાત-વિરમણ-વ્રત.

'આપણને દુઃખ ગમતું નથી, તેમ બીજા જીવોને પણ દુઃખ ગમતું નથી; આપણને જીવવું પ્રિય છે, તેમ બીજી જીવોને પણ જીવવું પ્રિય છે; તેથી કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ.' એ જૈન મહર્ષિઓનો મુખ્ય ઉપદેશ છે. હિંસાને તેમણે ઘોર પાપ કહ્યું છે. તેમાંથી શક્તિ મુજબ બચવા માટે આ પહેલું વ્રત ધારણ કરવામાં આવે છે.

પાંચ ઇંદ્રિયો, કાયબળ, વચનબળ, મનોબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશને પ્રાણ કહેવામાં આવે છે. તેમાંના કોઈ પણ પ્રાણનો અતિપાત કરવો, એટલે નાશ કરવો તે પ્રાણાતિપાત. તાત્પર્ય કે કોઇ પણ પ્રાણીને જાનથી મારવામાં આવે, તેનાં અંગોપાંગ છેદવામાં આવે કે તેને દુઃખ અથવા પીડા ઉપજાવવામાં આવે તો તે પ્રાણાતિપાત

કહેવાય. હિંસા, મારણા, ઘાતના, વિરાધના વગેરે તેના પર્યાયશબ્દો છે. આ પ્રાણાતિપાતમાંથી વિરમવાની–અટકવાની જે ક્રિયા તે પ્રાણાતિપાત–વિરમણ અને તે સંબંધી જે વ્રતધારણા તે પ્રાણાતિપાત–વિરમણ–વ્રત. આ વ્રતનું પાલન સાધુઓ સર્વાંશે કરે છે, એટલે તે સૂક્ષ્મ કહેવાય છે. તેની આપેક્ષાએ ગૃહસ્થોનું આ વ્રત ઘણી છૂટછાટવાળું હોવાથી તે સ્થૂલ કહેવાય છે.

આ સ્થૂલ વ્રત દ્વારા 'નિરપરાધી ત્રસજીવોની સંકલ્પીને નિરપેક્ષપણે હિંસા કરવી નહિ' એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે, તેનું યથાર્થ રહસ્ય આપણે સમજી લેવું જોઇએ.

જીવો બે પ્રકારના છે : ત્રસ અને સ્થાવર. તેમાં ગૃહસ્થો ત્રસ જીવની હિંસા છોડી શકે, પણ સ્થાવરની હિંસા સર્વાંશે છોડી શકે નહિ. અલબત્ત, તે માટે બનતો પ્રયત્ન કરી શકે. આ રીતે પાપ છોડવાનો બનતો પ્રયત્ન કરવો તેને યતના અર્થાત્ જયણા કહેવામાં આવે છે.

ત્રસ જીવોમાં કેટલાક નિરપરાધી અને કેટલાક સાપરાધી હોવાનો સંભવ છે. જેણે કોઈ પણ પ્રકારનો અપરાધ કે ગુનો કર્યો ન હોય તે નિરપરાધી અને જેણે કોઈપણ પ્રકારનો અપરાધ કે ગુનો કર્યો હોય તે સાપરાધી. કોઈ કુટુંબપર હુમલો કરે, ગામ ભાંગે, ધર્મસ્થાનો લૂંટે કે તારાજ કરે, દેશ પર ચડાઈ કરે કે બીજી રીતે માલમિલકત વગેરેને નુકશાન પહોંચાડે તો સાપરાધી ગણાય.

આવા સાપરાધીને ગૃહસ્થો તદ્દન જતો કરી શકે નહિ, એટલે કે તેની સામે લડે અને તેને યોગ્ય દંડ કે શિક્ષા આપે. વ્રતધારી રાજાઓ, મંત્રીઓ તથા દંડનાયકો આ રીતે શત્રુઓ સામે લડયા છે અને તેમણે દેશ, સમાજ તથા ધર્મની રક્ષા કરેલી છે. તેથી ગૃહસ્થને નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ અને સાપરાધીની યતના હોય છે.

નિરપરાધી ત્રસ જીવોની હિંસા બે પ્રકારે થાય છે: એક તો સંકલ્પથી એટલે ઇચ્છા કે ઈરાદાપૂર્વક અને બીજી આરંભથી એટલે જીવનની જરૂરીઆત માટે કરવી પડતી પ્રવૃત્તિથી. આ બે પ્રકારની હિંસામાંથી ગૃહસ્થોને સંકલ્પપૂર્વક નિરપરાધી ત્રસ જીવની હિંસા કરવાનો ત્યાગ અને આરંભની યતના હોય છે.

નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પજા હિંસા બે પ્રકારે થાય છે: એક તો નિરપેક્ષપણે અને બીજી સાપેક્ષપણે. તેમાં કંઇ ખાસ કારણ વિના નિર્દય માર મારવો કે બીજી રીતે દુઃખ ઉપજાવવું એ નિરપેક્ષપણે થતી હિંસા છે અને કારણવશાત્ બંધન, તાડન વગેરે કરવું પડે તે સાપેક્ષપણે થતી હિંસા છે. ગૃહસ્થો પોતાની આજીવિકા માટે હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગાય, ભેંસ, બકરાં, ઘેટાં વગેરે પશુઓ પાળે છે, તેને ઘણી વખત કારણવશાત્ તાડન વગેરે કરવું પડે છે. તે જ રીતે પુત્ર-પુત્રીઓને સુશિક્ષા આપવા માટે પણ તાડન-તર્જન કરવું પડે છે. તેથી ગૃહસ્થોને નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પપૂર્વક નિરપક્ષપણે થતી હિંસાનો ત્યાગ

હોય છે અને સાપેક્ષપણે થતી હિંસાની યતના હોય છે.

સાધુઓ અને ગૃહસ્થોનાં આ અહિંસાપાલનનો સ્પષ્ટ તફાવત સમજાવવા માટે તેને વીસ વસા અને સવા વસા કહેવામાં આવે છે. સાધુઓ ત્રસ અને સ્થાવર બંનેની હિંસાનો ત્યાગ કરે છે, માટે તે વીસ વસા. ગૃહસ્થો તેમાંથી ત્રસની હિંસાનો ત્યાગ કરે છે માટે તે દશ વસા. આ ત્રસ જીવોમાં પણ નિરપરાધીની હિંસા જ છોડી શકે છે અને સાપરાધીની યતના હોય છે, એટલે બાકી રહ્યા પાંચ વસા. નિરપરાધીમાં પણ સંકલ્પજા હિંસાનો ત્યાગ અને આરંભની યતના હોય છે એટલે બાકી રહ્યા અઢી વસા. તેમાં પણ નિરપેક્ષનો ત્યાગ અને સાપેક્ષની યતના હોય છે, એટલે બાકી રહ્યો સવા વસો. છતાં આટલું પાલન પણ ગૃહસ્થોને માટે હિતાવહ છે. તેથી હૃદયમાં અહિંસા, દયા, કરુણા કે અનુકંપાનો ઝરો વહેવા લાગે છે અને અનેક જીવોને અભયદાન મળી શકે છે.

જૈન મહર્ષિઓ કહે છે કે—

कल्लाणकोडिजणणी, दुरंतदुरियारिवग्गणिट्ठवणी ।
संसारजलहितरणी, पकच्चिय होइ जीवदया ॥

‘ક્રોડો કલ્યાણને જન્મ આપનાર, વિવિધ પ્રકારનાં દારુણ દુઃખોનો નાશ કરનાર અને સંસારસમુદ્રને તારનાર જીવદયા છે. (જીવદયા અને અભયદાન એ બે એક જ વસ્તુ છે.)

देविंदचक्कवट्टित्तणाइं भोत्तूण सिवसुहमणंतं ।
पत्ता अणंतसत्ता अभयं दाऊण जीवाणं ॥

'જીવોને અભયદાન દેવાથી અનંત પ્રાણીઓ દેવો અને ચક્રવર્તીપણું ભોગવીને શિવસુખ પામ્યા.'

અહીં સ્પષ્ટ કરવું જોઇએ કે અહિંસા એ મુખ્ય વ્રત છે અને બીજાં બધાં વ્રતો તેની પુષ્ટિ માટે છે, એટલે જ પ્રાણાતિપાત-વિરમણ-વ્રતને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

નીચેની વસ્તુઓ પ્રથમ વ્રતમાં અતિચારરૂપ મનાય છે:—

૧. વધ—કોઈ પણ પ્રાણી મરી જશે તેની દરકાર કર્યા વિના તેના પર પ્રહાર કરવો. ૨. બંધ—મનુષ્ય, પશુ વગેરેને ગાઢ બંધનથી બાંધવા. ૩. છવિચ્છેદ—મનુષ્ય, પશુ વગેરેનાં અંગોપાંગ છેદવા. રોગની શાંતિ નિમિત્તે અંગોપાંગ છેદવા પડે કે ડામ વગેરે દેવા પડે, તેનો આમાં સમાવેશ થતો નથી. ૪ અતિભાર—મનુષ્ય કે પશુ પાસે ગજા ઉપરાંત ભાર ઉપડાવવો. અને ૫ ભક્તપાન વિચ્છેદ—આશ્રયે રહેલા નોકર તથા પશુ વગેરેને સમય થઈ જવા છતાં આહાર-પાણી આપવા નહિ.

બીજું સ્થૂલ મૃષાવાદ-વિરમણ-વ્રત

કુપથ્યથી જેમ રોગની વૃદ્ધિ થાય છે, તેમ મૃષા-વાદથી વેર, વિરોધ અને અવિશ્વાસની વૃદ્ધિ થાય છે તથા પ્રતિષ્ઠાનો નાશ થાય છે, તેથી જૈન મહર્ષિઓએ તેનો ત્યાગ કરવા સચોટ ઉપદેશ આપ્યો છે. આ ઉપદેશનું યથાશક્તિ પાલન કરવા માટે આ બીજા વ્રતની યોજના છે.

મૃષા વદવું તે મૃષાવાદ. અહીં મૃષા શબ્દથી અપ્રિય,

અપથ્ય તથા અતથ્ય એ ત્રણે પ્રકારનાં વચનો સમજવાના છે. જે શબ્દો સાંભળવામાં અતિ કર્કશ કે કઠોર હોય તે અપ્રિય કહેવાય છે; જે વચનથી પરિણામે લાભ ન હોય તે અપથ્ય કહેવાય છે. મૃષાવાદને સામાન્ય રીતે અલીક વચન, અસત્ય કે જૂઠાણું કહેવામાં આવે છે. તેમાંથી વિરમવાનું-અટકવાનું જે વ્રત તે મૃષાવાદ-વિરમણ-વ્રત. આ વ્રતથી પાંચ મોટાં અલીક વચનનો ત્યાગ કરવામાં આવે છે ને બાકીની યતના હોય છે, તેથી તેને સ્થૂલ મૃષાવાદ-વિરમણ-વ્રત કહેવામાં આવે છે.

પાંચ મોટાં અલીક વચનોની ગણના નીચે પ્રમાણે થાય છેઃ—

(૧) કન્યાલીક—કન્યાના વિષયમાં અલીક વચન બોલવું તે. કન્યા ખોડ ખાંપણવાળી હોય છતાં તેને સુંદર કહેવી કે સુંદર હોય છતાં ખોડખાંપણવાળી કહેવી વગેરે તેના પ્રકારો છે. આ પ્રકારનાં અલીકવચનથી વરની કે કન્યાની જીંદગી બરબાદ થાય છે, માટે વ્રતધારી તેવું વચન બોલે નહિ બીજાં દાસદાસી વગેરે મનુષ્યો માટે પણ એમ જ સમજવુ.

(૨) ગવાલીક—ગાય વગેરે પશુના સંબંધમાં અલીક વચન બોલવું તે. ગાય ઓછું દૂધ દેનારી હોય છતાં વધારે દૂધ આપનારી કહેવી, વધારે વેતર થયાં હોય છતાં ઓછાં વેતર કહેવા વગેરે. અન્ય પશુઓની બાબતમાં પણ તેમજ સમજવું. આ પ્રકારનાં અલીક વચનથી પશુ ખરીદનાર સામા ધણીને ઘણું નુકશાન થાય છે અને કેટલીક વાર મોટો આઘાત લાગે છે, એટલે વ્રતધારી આવું વચન બોલે નહિ.

(૩) ભૂમ્યલીક—ભૂમિ, મકાન વગેરે અંગે અલીક વચન બોલવું તે. પડતર ભૂમિને ખેડાણવાળી કહેવી કે ખેડાણવાળી ભૂમિને પડતર કહેવી, અથવા જે ભૂમિમાં ઓછો પાક થતો હોય તેને ફલદ્રુપ કહેવી અને ફલદ્રુપ થતી હોય તેને ઓછા પાકવાળી કહેવી વગેરે તેના પ્રકારો છે. આ પ્રકારનાં અલીક વચનથી પણ મનુષ્યને મોટું નુકશાન થાય છે, એટલે વ્રતધારી તેવું વચન બોલે નહિ.

(૪) ન્યાસાપહાર—કોઇએ ન્યાસ એટલે થાપણ મૂકી હોય તેને જૂઠું બોલીને ઓળવવી તે. દ્રવ્ય એ અગિયારમો પ્રાણ છે, એટલે તે ચાલ્યા જતાં મનુષ્યને તીવ્ર આઘાત લાગે છે અને ઘણીવાર તેનું મૃત્યુ પણ નિપજે છે, માટે વ્રતધારી તેવું વચન બોલે નહિ.

(૫) કૂટ સાક્ષી—કોર્ટ, કચેરી, પંચ કે લવાદ સમક્ષ જૂઠી સાક્ષી આપવાથી સાચા મનુષ્યના હકમાં નુકશાન થાય છે અને ખોટો ફાવી જાય છે, એટલે વ્રતધારી કોઈ પણ વખત ખોટી સાક્ષી પૂરે નહિ.

નીચેની પાંચ વસ્તુઓ આ વ્રતમાં અતિચાર રૂપ મનાય છે, એટલે તેનાથી પણ બચવું જોઇએ:—

૧ સહસાભ્યાખ્યાન–વગર વિચાર્યે કોઇને આળ ચઢાવી દોષિત કહી દેવો. ૨ રહોભ્યાખ્યાન–કોઇનાં ગુપ્ત રહસ્ય બીજાની આગળ કહેવાં. ૩ સ્વદારમંત્રભેદ–પોતાની સ્ત્રીની ગુપ્ત વાત પ્રકટ કરી દેવી. આ વ્રત લેનાર સ્ત્રી હોય ત્યાં પોતાના પતિની ગુપ્ત વાત પ્રકટ કરી દેવી એમ સમજવું. ૪ મૃષોપદેશ–કોઈને ખોટી સલાહ–શીખા-

મણ આપવી. ૫ કૂટલેખ–ખોટા ચોપડા, ખોટા દસ્તાવેજ કે ખોટા કાગળો તૈયાર કરવા.

ત્રીજું સ્થૂલઅદત્તાદાન–વિરમણ–વ્રત

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે **दन्तसोहणमाइस्स अदत्तविवज्जणं**–દાંત ખોતરવાની સળી પણ તેના માલીકે રાજીખુશીથી આપ્યા વિના લેવી નહિ, તો જેના પર ગૃહસ્થોની આજીવિકાનો મુખ્ય આધાર છે તે દ્રવ્ય કે ધન તો લેવાય જ કેમ? તાત્પર્ય કે અગ્નિશિખાઓનું પાન કરવું સારું, સર્પનાં મુખને ચુંબન કરવું સારું અથવા હળાહળ ઝેરને ચાટી જવું સારું, પણ બીજાનું દ્રવ્ય હરી લેવું એ સારું નહિ. આ સિદ્ધાંતનો જીવનમાં યશાશક્તિ અમલ થાય તે માટે ત્રીજા વ્રતની યોજના છે.

આ વ્રત દ્વારા નાની–મોટી તમામ ચોરીનો ત્યાગ કરવામાં આવે છે. જંગલમાં માલિકી વિનાનું ઘાસ, કૂવા–તળાવ–નદી વગેરેનું પાણી ઈત્યાદિ જે વસ્તુઓ પર કોઈની માલિકી ન હોય કે માલિક હોય તો પણ લેવાની મનાઈ ન હોય તેને લેવાથી અદત્તાદાન થતું નથી.

નીચેની પાંચ વસ્તુઓ આ વ્રતમાં અતિચારરૂપ છે, તેથી તેને છોડવી જોઇએ.

૧. સ્તેનાહૃતગ્રહણ–ચોરે લાવેલો માલ રાખી લેવો. ૨. સ્તેનોત્તેજક વચનપ્રયોગ–ચોરને ચોરી કરવામાં ઉત્તેજન મળે તેવાં વચનો બોલવાં. જેમ કે 'આજ કાલ નવરા કેમ બેસી રહ્યા છો?' 'તમારો માલ ન વેચાતો હોય તો અમે વેચી આપીશું' વગેરે. ૩. તત્પ્રતિરૂપક્રિયા–એક

માલમાં તેના જેવો જ બીજો માલ ભેળવી દેવો. ઘીમાં વેજીટેબલ, આટામાં ચાક, દૂધમાં પાણીનો ભેળ વગેરે આ જાતની ક્રિયાઓ છે. ૪. રાજ્યવિરુદ્ધગમન. રાજ્યના જે કાયદાઓનો ભંગ કરવાથી દંડને પાત્ર થવું પડે તેવું વર્તન કરવું, તે રાજ્યવિરુદ્ધગમન કહેવાય. દાણચોરી, કરચોરી વગેરે આ પ્રકારની ક્રિયાઓ છે. ૫. કૂટતુલા-કૂટમાન-વ્યવહાર. તોલ અને માપ ખોટાં રાખવાં. એટલે વસ્તુ લેવાની હોય તો વધારે તોલ કે માપનો ઉપયોગ કરવો અને વેચવાની હોય તો ઓછા તોલ કે માપનો ઉપયોગ કરવો. દાંડી મરડવી, ધડો રાખવો વગેરે પણ આ જ જાતની ક્રિયાઓ છે.

ચોથું સ્થૂલમૈથુનવિરમણ યાને પરદારાગમન-વિરમણ-સ્વદારાસંતોષ વ્રત.

જૈન મહર્ષિઓએ બ્રહ્મચર્યનો મહિમા મુક્ત કંઠે ગાયો છે. તેઓ કહે છે કે—

'બ્રહ્મચર્ય એ ધર્મ રૂપી પદ્મ સરોવરની પાળ છે, ગુણરૂપી મહારથની ધોંસરી છે, વ્રત નિયમોરૂપી ધર્મ વૃક્ષનું થડ છે અને શીલરૂપી મહાનગરના દરવાજાની ભોગળ છે.'

'જેણે બ્રહ્મચર્યની આરાધના કરી તેણે સર્વ વ્રતો, શીલ, તપ, સંયમ, સમિતિ, ગુપ્તિ, અરે! મુક્તિની પણ આરાધના કરી સમજવી.'

'બ્રહ્મચર્યધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે અને જિનોપદિષ્ટ છે. એનાં પાલનથી પૂર્વકાલમાં અનંત જીવો

સિદ્ધ થયા, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે.'

પરદારા એટલે બીજાની સ્ત્રી. તેની સાથે ગમન કરતાં વિરમવાનું વ્રત તે પરદારાગમનવિરમણ–વ્રત. સ્વદારા એટલે પોતાની સ્ત્રી. તેનાથી સંતોષ પામવાનું વ્રત તે સ્વદારા સંતોષ–વ્રત. પરદારાગમનવિરમણ વ્રત–કરતાં સ્વદારા સંતોષ–વ્રત વધારે ઉચ્ચ કોટિનું છે. પરદારાગમનવિરમણમાં કુંવારી કન્યાઓ, વિધવાઓ, રખાતો તથા વેશ્યાઓના ત્યાગનો સ્પષ્ટ સમાવેશ થતો નથી, જ્યારે સ્વદારા સંતોષમાં પોતાની સ્ત્રી સિવાય બધી જ સ્ત્રીઓનો ત્યાગ હોય છે.

ગૃહસ્થને માટે સ્વદારાસંતોષ એ બ્રહ્મચર્ય છે. કહ્યું છે કે—

यस्तु स्वदारसन्तोषी, विषयेषु विरागवान् ।
गृहस्थोपि स्वशीलेन, यतिकल्पः स कल्प्यते ॥

'જે પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ છે અને વિષયોમાં વિરક્ત છે, તે ગૃહસ્થ હોવા છતાં પોતાનાં શીલથી સાધુના સરખો ગણાય છે.'

આ વ્રત લેનાર મોટી સ્ત્રીઓને માતા સમાન, સમવયસ્ક સ્ત્રીઓને ભગિની સમાન અને લઘુવયવાળી સ્ત્રીઓને પુત્રી સમાન લેખે છે, એટલે કે તેના સામી કુદૃષ્ટિ કરતો નથી.

પરદારા ગમનથી બંધનની પ્રાપ્તિ થાય છે, માર ખાવો પડે છે, જેલમાં જવું પડે છે અને તીક્ષ્ણ શાસ્ત્રોથી ભેદાવું પડે છે. વળી તેથી વૈરની પરમ વૃદ્ધિ થાય છે અને આલોક–પરલોક બગડે છે, તેથી ગૃહસ્થે પોતાની સ્ત્રીથી જ સંતોષ માનવો જોઇએ.

અહીં નીચેની વસ્તુઓ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૧. જે સ્ત્રીનાં લગ્ન થયા હોય તે પરિગૃહિતા કહેવાય અને જેનાં લગ્ન થયાં નથી કે પતિ વિદ્યમાન નથી તે અપરિગૃહીતા કહેવાય. તે પરની દારા નથી એમ માનીને તેની સાથે ગમન કરતાં અપરિગૃહીતાગમન નામનો અતિચાર લાગે. ૨. જે સ્ત્રી ઈત્વર એટલે થોડા સમય માટે ગ્રહણ કરાયેલી છે, એટલે કે કોઈની રખાત તરીકે રહે છે, તે પણ કોઈની રીતસરની દારા નથી એમ માનીને તેનું સેવન કરતાં ઈત્વરગૃહીતાગમન નામનો અતિચાર લાગે. ૩. કામવાસનાને જગાડનારી ક્રિયાઓનો આશ્રય લેવાથી અનંગક્રીડા નામનો અતિચાર લાગે. ૪. પોતાનાં પુત્ર-પુત્રી કે જેની પોતાની માથે ફરજ પડેલી છે તે સિવાયના બીજા મનુષ્યોના વિવાહ કરી આપતાં પરવિવાહકરણ નામનો અતિચાર લાગે અને વિષયભોગ કરવાની તીવ્ર આસક્તિ રાખતાં તીવ્ર અનુરાગ નામનો પાંચમો અતિચાર લાગે. સ્વદારાસંતોષવ્રતવાળાને આમાંની પહેલી બે ક્રિયાઓ અનાચાર રૂપ છે અને બાકીની ત્રણ ક્રિયાઓ અતિચાર રૂપ છે.

ચોથું વ્રત ધારણ કરનારે મોટા પર્વ દિવસોએ, સ્ત્રીની સગર્ભાવસ્થાના દિવસોમાં, પ્રસૂતિ પછીના ત્રણ માસ સુધી, તેમ જ દિવસના ભાગમાં સ્વસ્ત્રી સાથે પણ મૈથુન સેવવાનો ત્યાગ કરવો જોઇએ.

પાંચમું પરિગ્રહપરિમાણ-વ્રત.

જૈન મહર્ષિઓ કહે છે કે જેમ ઘણા ભારથી ભરેલું

મોટું વહાણુ સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ પરિગ્રહના મમત્વ રૂપી ભારથી પ્રાણીઓ સંસાર રૂપ સમુદ્રમાં ડૂબી જાય છે, માટે પરિગ્રહનો ત્યાગ કરવો. ઘણો પરિગ્રહ એકઠો કરનાર મનુષ્યને વિષયરૂપી ચોરો લૂંટી લે છે, કામરૂપ અગ્નિ બાળે છે અને વનિતારૂપી શિકારીઓ તેના માર્ગનું રુંધન કરે છે. ટૂંકમાં પરિગ્રહ એ પાપનું મૂળ છે, તેથી તે અવશ્ય છોડવા યોગ્ય છે.

પોતાના થકી ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ (મકાન), રૂપું, સોનું, રાચરચીલું, દ્વિપદ (નોકરચાકર) અને ચતુષ્પદ (ઢોરઢાંખર) હોવા એ પરિગ્રહ કહેવાય છે.

ગૃહસ્થો આ પરિગ્રહનો સર્વાંશે ત્યાગ કરી શકે નહિ, કારણ કે વ્યવહારમાં ડગલે ને પગલે ધનાદિની જરૂર પડે છે અને તેનાથી ભિક્ષા માગી શકાતી નથી. પરંતુ તે પોતાની જરૂરીઆતો ઓછી કરીને તથા ધનાદિ પરનું મમત્વ ઘટાડીને પરિગ્રહનું પરિમાણ કરી શકે છે, અર્થાત્ તેની મર્યાદા બાંધીને સંતોષી–સુખી જીવન ગાળી શકે છે.

જો પરિમાણ કરતાં ધનાદિની વૃદ્ધિ થાય તો તેનો સન્માર્ગે વ્યય કરી નાખવો જોઇએ. જો એમ ન કરતાં એક યા બીજા બહાને તેનાં પ્રમાણનું અતિક્રમણ થવા દેવામાં આવે તો અતિચાર લાગે. જેમ કે ૧ ધનધાન્યપ્રમાણાતિક્રમણ, ૨ ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિક્રમણ, ૩ રૌપ્યસુવર્ણપ્રમાણાતિક્રમણ, ૪ કુપ્યપ્રમાણાતિક્રમણ, (કુપ્ય એટલે અન્ય ધાતુ કે રાચરચીલું). અને ૫ દ્વિપદચતુષ્પદ પ્રમાણાતિક્રમણ.

છઠ્ઠું દિક્‌પરિમાણ વ્રત

ગૃહસ્થ જીવનને સંતોષી-સુખી બનાવવા માટે જેમ પરિગ્રહનું પરિમાણ આવશ્યક છે, તેમ દિશાઓનું પરિમાણ પણ આવશ્યક છે. જો એની મર્યાદા નક્કી કરેલી ન હોય તો ગમે ત્યાં અને ગમે તેટલે દૂર સુધી જવાનું દિલ થાય છે, અને તેથી જીવનમાં જે શાંતિ અને સ્થિરતાનો અનુભવ થવો જોઇએ તે થતો નથી. તેથી શ્રાવકનાં વ્રતોમાં તેને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે.

આ વ્રતથી પહેલા અને પાંચમા અણુવ્રતના ગુણની પુષ્ટિ થાય છે.

'સાધુઓને આવું કોઈ વ્રત નથી, ગૃહસ્થોને કેમ?' એ પ્રશ્નનો ઉત્તર એ છે કે સાધુઓ તો પંચમહાવ્રતધારી છે, એટલે સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગી છે, તેથી ગમે તેટલે દૂર જાય તો પણ આરંભ સમારંભ કરે નહિ. જ્યારે ગૃહસ્થ તો સ્થૂલ વ્રતધારી છે, એટલે દિશાની મર્યાદા ખુલ્લી હોય તો ત્યાં જઇને આરંભ-સમારંભ કરી શકે છે, તેથી તેને દિક્‌પરિમાણની આવશ્યકતા છે.

આ વ્રતથી ઊંચે, નીચે તથા તિર્યક્‌ દિશાઓમાં કેટલા અંતરથી વધારે દૂર ન જવું તેનું માપ નક્કી કરવામાં આવે છે. તેથી જો વધારે અંતર સુધી જવામાં આવે તો આ વ્રતનો ભંગ થાય છે અને ભૂલથી જવાયું હોય તો અતિચાર લાગે છે.

આ વ્રતના પાંચ અતિચારો નીચે મુજબ જાણવા પણ આચરવા નહિ. ૧ ઊર્ધ્વપ્રમાણાતિક્રમ, ૨ અધઃ

પ્રમાણાતિક્રમણ, ૩ તિર્યક્ પ્રમાણાતિક્રમણ (ઊર્ધ્વ અને અધઃ ની વચ્ચેનો ભાગ તિર્યક્ કહેવાય છે. તેમાં ઉત્તર, પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ એ ચાર દિશાઓ તથા ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય એ ચાર વિદિશાઓ આવેલી છે.), ૪ ક્ષેત્રવૃદ્ધિ એક દિશાનું માપ ઘટાડીને બીજા દિશાનું માપ વધારવું અને ૫ સ્મૃત્યંતર્ધાન–ગમન શરુ કર્યા પછી હું કેટલા અંતરે આવ્યો કે આ દિશામાં મારે કેટલા અંતરથી વધારે ન જવાય? એ યાદ ન આવે તો સ્મૃત્યંતર્ધાન થયું કહેવાય.

સાતમું ભોગોપભોગ–પરિમાણ–વ્રત

ભોગલાલસા પર કાબૂ આવે તે માટે આ વ્રતની યોજના કરવામાં આવી છે. જે વસ્તુ એક વાર ભોગવાય તે ભોગ. જેમ કે આહાર, પાન, સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, પુષ્પધારણ વગેરે. અને જે વસ્તુ વધારે વખત ભોગવાય તે ઉપભોગ. જેમ કે વસ્ત્ર, આભૂષણ, શયન, આસન, વાહન, વનિતા વગેરે.

આ વ્રતથી ભોગ્ય–ઉપભોગ્ય વસ્તુઓની મર્યાદા કરવામાં આવે છે, તથા તેનાં સાધનરૂપ દ્રવ્યને જે ઉપાયોથી–કર્મોથી ઉપાર્જન કરવામાં આવે છે, તેનો પણ વિવેક કરવામાં આવે છે, અર્થાત્ તેમાં જે કર્મો ઘણા આરંભ સમારંભવાળા છે, તેનો ત્યાગ કરવામાં આવે છે.

ભોગની વસ્તુમાં આહારપાણી મુખ્ય છે. તેમાં બાવીશ અભક્ષ્યનો ત્યાગ કરવો જોઇએ અને બીજાની મર્યાદા કરવી જોઇએ. બાવીશ અભક્ષ્યનાં નામો નીચે મુજબ

સમજવા:—

૧ વડનાં ફળ	૧૨ વિષ (ઝેર)
૨ પીંપળાનાં ફળ	૧૩ સર્વ પ્રકારની માટી
૩ ઊંબરાં	૧૪ રાત્રિભોજન
૪ અંજીર	૧૫ બહુબીજ
૫ કાકોદુંબર	૧૬ અનંતકાય (કંદમૂળ વગેરે)
૬ દરેક જાતનો દારૂ	૧૭ બોળ અથાણું
૭ દરેક જાતનું માંસ	૧૮ ઘોલવડાં
૮ મધ	૧૯ વંતાક
૮ માખણ	૨૦ અજાણ્યાં ફળ-ફૂલ
૧૦ હિમ (બરફ)	૨૧ તુચ્છ ફળ
૧૧ કરા	૨૨ ચલિત રસ

શ્રાવકે સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરી અચિત્ત દ્રવ્ય વાપરવા ઘટે છે. જો તેમ ન જ બની શકે તો સચિત્તનું પ્રમાણ નક્કી કરવું ઘટે છે. આવું પ્રમાણ ધારણ કરનાર જો શરતચૂકથી સચિત્તનો ઉપયોગ પ્રમાણ કરતાં અધિક કરે તો તેને સચિત્ત–આહારભક્ષણ નામનો પ્રથમ અતિચાર લાગે. તેજ રીતે સચિત્તના સંબંધવાળી વસ્તુઓ મુખમાં મૂકી દે તો સચિત્ત–પ્રતિબદ્ધાહારભક્ષણ નામનો બીજો અતિચાર લાગે. જો સચિત્ત અને અચિત્તથી મિશ્ર વસ્તુ મુખમાં મૂકી દે તો સંમિશ્રઆહારભક્ષણ નામનો ત્રીજો અતિચાર લાગે. ઘણાં માદક દ્રવ્યોથી બનેલી વસ્તુ વાપરે તો અભિષવાહાર-ભક્ષણ નામનો ચોથો દોષ લાગે અને અરધું કાચું–અરધું પાકું

એવો આહાર કરે તો દુષ્પકવાહાર ભક્ષણ નામનો પાંચમો અતિચાર લાગે.

(૧) જો અંગારકર્મ કરે એટલે જેમાં અગ્નિનું વિશેષ પ્રયોજન પડે તેવો ધંધો કરે, (૨) જો વનકર્મ કરે એટલે વનને લગતો–વનસ્પતિઓને કાપીને વેચવાનો ધંધો કરે, (૩) જો શકટકર્મ એટલે ગાડાં બનાવીને વેચવાનો ધંધો કરે, (૪) જો ભાટકકર્મ એટલે પશુઓ વગેરે ભાડે આપવાનો ધંધો કરે, (૫) જો સ્ફોટકકર્મ એટલે પૃથ્વી તથા પત્થરને ફોડવાનો ધંધો કરે, (૬) જો દંતવાણિજ્ય એટલે હાથીદાંત વગેરેનો વેપાર કરે, (૮) જો રસવાણિજ્ય એટલે દૂધ, દહીં, ઘી, તેલ વગેરેનો ધંધો કરે, (૯) જો કેશવાણિજ્ય એટલે મનુષ્ય તથા પશુનો વેપાર કરે, (૧૦) જો વિષવાણિજ્ય એટલે ઝેર અને ઝેરી પદાર્થો વેચવાનો ધંધો કરે, (૧૧) જો યંત્રપીલન એટલે અનાજ, બીયાં તથા ફળફૂલ પીલી આપવાનું કામ કરે, (૧૨) જો નિર્લાંછનકર્મ એટલે પશુઓનાં અંગોને છેદવાં, ડામ દેવા વગેરેનું કામ કરે, (૧૩) જો દવદાનકર્મ એટલે વન, ખેતર વગેરેને આગ લગાડવાનું કામ કરે, (૧૪) જો જલશોષણકર્મ એટલે સરોવર, તળાવ તથા ધરા વગેરે સૂકવવાનું કામ કરે અને (૧૫) જો અસતીપોષણ એટલે કુલટા કે વ્યભિચારી સ્ત્રીઓને પોષવાનું કે હિંસક પ્રાણીઓને ઉછેરી તેને વેચવાનું કામ કરે તો કર્મ સંબંધી અતિચાર લાગે. આ રીતે સાતમા વ્રતમાં પાંચ તથા પંદર મળી કુલ વીસ અતિચાર લાગે છે.

આઠમું અનર્થદંડવિરમણ-વ્રત

જે હિંસા જીવનનિર્વાહના વિશિષ્ટ પ્રયોજન કે અનિવાર્ય કારણને લીધે કરવામાં આવે તે અર્થદંડ કહેવાય છે અને જે હિંસા વિશિષ્ટ પ્રયોજન કે અનિવાર્ય કારણ વિના કરવામાં આવે છે, તે અનર્થદંડ કહેવાય છે. તેમાંથી વિરમવાનું-અટકવાનું જે વ્રત તે અનર્થદંડવિરમણ વ્રત. જૈન મહર્ષિઓએ અનર્થદંડને ચાર પ્રકારમાં વિભક્ત કરેલો છેઃ (૧) અપધ્યાન, (૨) પાપોપદેશ, (૩) હિંસપ્રદાન અને (૪) પ્રમાદાચરણ.

અપધ્યાન એટલે આર્ત અને રૌદ્રધ્યાન. તે બંને અશુભ કોટિનાં ધ્યાનો છે અને જીવને દુર્ગતિમાં લઈ જનારાં છે, માટે તેનો ત્યાગ કરવો. જે સૂચના કે સલાહથી બીજાને આરંભ-સમારંભ કરવાની પ્રેરણા મળે તે પાપોપદેશ કહેવાય. જેમ કે-વેરીઓનું નિકંદન કાઢો, હથિયાર સજો, જંગલને વાળીને સાફ કરો, આ ઢોરને ચાર સાટકા લગાવો, આમ સાક્ષી જૂઠી ભરી દો....વગેરે. આ પાપાપદેશ પણ ભારે કર્મબંધનનું નિમિત્ત છે, એટલે તેનો ત્યાગ કરવો. હિંસાકારી શસ્ત્ર-સાધન બીજાને આપવા તે હિંસપ્રદાન કહેવાય. તેનાથી હિંસાને ઉત્તેજન મળે છે માટે તેનો ત્યાગ કરવો. અને જે આચરણ પ્રમાદ કે આળસથી થાય તે પ્રમાદાચરણ કહેવાય છે. તે સંબંધી શ્રીહેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે 'કુતૂહલથી ગીત, નૃત્ય, નાટક વગેરે જોવાં, કામશાસ્ત્રમાં આસક્તિ, જુગાર, મદિરા આદિનું સેવન, જલક્રીડા, હિંડોલક્રીડા ઈત્યાદિ

રામતીર્થ બ્રાહ્મી તેલ

[સ્પેશીઅલ નં. ૧]

રજીસ્ટર્ડ

વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪–૦૦, નાની બાટલીના રૂા. ૨–૦૦

શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨–૫૦

શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ–૧૪

ન્યૂ ઇન્ડિયા માં ઉતરાવેલી પોલીસી ગમે તેવી નાની કે ગમે તેવી મોટી હોય તે આપને સલામતી અને સેવાની ખાત્રી આપે છે!

ન્યૂ ઇન્ડિયા કંપનીની દોરવણી, મદદ અને વર્ષોના અનુભવનો લાભ ઉઠાવો! દરિયાઈ અને આગથી માંડીને અકસ્માત અને ચોરી સુધીના દરેક પ્રકારના જનરલ વિમાનું કામકાજ **ન્યૂ ઇન્ડિયા** કરે છે. તે તમારા દાવાઓની પતાવટ ઝડપથી કરે છે. અને તમને સલામતી અને સેવાની ખાત્રી આપે છે! પૂર્વના દેશોમાં સર્વત્ર સન્માનિત અને વિશ્વાસપાત્ર એવી **ન્યૂ ઇન્ડિયા** માં તમારો વિમો ઉતરાવો!



ધી ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ
કંપની લીમીટેડ
મહાત્મા ગાંધી રોડ, મુંબઈ

વિનોદ, બીજા જીવોને પરસ્પર લડાવવા, શત્રુના પુત્રાદિ સાથે વૈર રાખવું, ભોજન સંબંધી, સ્ત્રી સંબંધી, જનમત (દેશ) સંબંધી અને રાજ્ય સંબંધી વાતો કરવી, રોગ કે ચાલવાનો પરિશ્રમ પડયા વિના આખી રાત ઊંઘ્યા કરવું ઈત્યાદિક પ્રમાદનાં આચરણો સદ્બુદ્ધિવાળાએ પરિહરવાં જોઈએ.'

આ વ્રતધારી જો કામવિકારને ઉત્પન્ન કરે તેવો વાણીપ્રયોગ કે મશ્કરી કરે તો કંદર્પ નામનો અતિચાર લાગે. નેત્રાદિકની વિકૃત ચેષ્ટા કરે તો કૌત્કુચ્ય નામનો અતિચાર લાગે. બહુ વાચાળતા દાખવે તો મૌખર્ય નામનો અતિચાર લાગે. જો આવશ્યકતા વિના હિંસક હથિયારો–સાધનો તૈયાર રાખે તો સંયુક્તાધિકરણ નામનો અતિચાર લાગે અને ભોગનાં સાધનો અધિક રાખે તો ભોગાતિરિક્તતા નામનો અતિચાર લાગે.

નવમું સામાયિક–વ્રત

સર્વ પાપમય પ્રવૃત્તિનો તથા દુર્ધ્યાનનો ત્યાગ કરીને બેઘડી સુધી સમભાવ કે શુભભાવમાં રહેવું તે સામાયિક કહેવાય છે. જો ગુરુની વિદ્યમાનતા હોય તો તેમની સમીપે, નહિ તો ઉપાશ્રય કે પોતાના મકાનના એકાંત ભાગમાં બેસીને પણ આ ક્રિયા કરી શકાય છે. રોજ સામાયિક કરવાથી સમતા ગુણની વૃદ્ધિ થાય છે અને મન, વચન તથા કાયા પર કાબૂ આવતો જાય છે.

સામાયિક ગ્રહણ કર્યા પછી ઘર, દુકાન, જમીન, કુટુંબ વગેરે સંબંધી ચિંતા કરવી તે મનોદુષ્પ્રણિધાન

નામનો અતિચાર છે. કર્કશ કે અન્ય દોષવાળાં વચનો બોલવાં તે વચનદુષ્પ્રણિધાન નામનો અતિચાર છે. સામાયિક લેતી વખતે ભૂમિ પ્રમાર્જ્યા વિના બેસવું કે બેઠા પછી હાથ પગ લાંબા-ટૂંકા કર્યા કરવા કે કુતૂહલ વશાત્ ઊભું થઈ જવું કે ઈસારો અર્થાત્ હાથ પગ વગેરેની નિશાનીઓ દેખાડવી તે કાયદુષ્પ્રણિધાન નામનો અતિચાર છે. સામાયિકનો બેઘડી સુધીનો સમય પૂરા થવા ન દેવો કે સામાયિક જેમ તેમ પૂરું કરવું, એ અનવસ્થાન નામનો અતિચાર છે અને સામાયિક કયારે લીધું હતું અથવા તે કયારે પૂરું થાય છે? વગેરે ભૂલી જવામાં આવે તો સ્મૃતિવિહીનત્વ નામનો અતિચાર છે.

દશમું દેશાવકાશિક વ્રત

દિક્પરિમાણ-વ્રત વડે નિયત કરેલી મર્યાદામાંના કે કોઈ પણ વ્રત સંબંધી કરવામાં આવેલા સંક્ષેપ પૈકીના એક ભાગને દેશ કહેવાય છે. તેમાં અવકાશ કરવો એટલે અવસ્થાન કરવું અર્થાત્ તે ભાગનો જ નિયમ રાખવો, એનું નામ દેશાવકાશ. તે સંબંધી જે વ્રત તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. તેનું પાલન એક મુહૂર્તથી માંડીને સંપૂર્ણ અહોરાત્રિ, બે પાંચ દિવસ કે તેથી પણ વધારે સમય માટે એક શય્યા, એક મકાન કે એક મહોલ્લા વગેરેનો નિયમ કરવાથી તથા પ્રતિદિન નીચેના ચૌદ નિયમો ધારણ કરવાથી થઈ શકે છે.

(૧) સચિત્તનિયમ—સચિત્ત દ્રવ્યો અમુક પ્રમાણથી વધારે ન વાપરવાં.

Elegance in Velvet

Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.

Ashok

ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.

FABRICS

Selling Agents: **Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.**
M. J. Market, Bombay 2.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું મુખપત્ર

"જૈન યુગ"–એટલે

* જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા, સ્થાપત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજ પ્રગતિને લગતા વિષયોનું ઉત્તમ જૈન માસિક.
* અભ્યાસપૂર્ણ ગદ્યપદ્ય લેખોથી સમૃદ્ધ માસિક.
* પ્રાભાવિક તીર્થ સ્થાનો, મૂર્તિઓ તથા જિનાલયોના તથા જૈન સ્થાપત્ય અને કળાના નમૂનાઓના ચિત્રો-યુક્ત માસિક.
* જૈન શ્વે. કૉન્ફરન્સની કાર્યવાહી દર્શાવનાર માસિક.

'જૈનયુગ'માં ગુજરાતી, હિંદી, અને અંગ્રેજીમાં મનનીય લેખો પ્રકટ થાય છે. પ્રચારની દૃષ્ટિએ વાર્ષિક લવાજમ હિંદમાં રૂા. ૨), વિદેશમાં રૂા. ૩). પ્રત્યેક અંગ્રેજી માસની ૩ જી તારીખે પ્રકટ થાય છે.

:: જાહેરખબર માટે ઉત્તમ સાધન ::

પેજ ૧ ના એક વખતના રૂા. ૫૦) વાર્ષિક રૂા. ૫૦૦)
પેજ ૦ાા ના ,, ,, રૂા. ૩૫) વાર્ષિક રૂા. ૪૦૦)

લખો : તંત્રી

"જૈનયુગ"–શ્રી શ્વેતામ્બર કૉન્ફરન્સ

ગોડીજી બીલ્ડીંગ, પાયધૂની, કાલબાદેવી, મુંબઈ–૨

(૨) દ્રવ્યનિયમ—કુલ દ્રવ્યો અમુક સંખ્યા કરતાં વધારે ન વાપરવાં.

(૩) વિકૃતિનિયમ—છ વિગઈઓ પૈકી અમુક વિગઈનો ત્યાગ કરવો.

(૪) ઉપાનહનિયમ—જોડાં-પગરખાં અમુક સંખ્યા કરતાં વધારે ન વાપરવા.

(૫) તંબોલનિયમ—આખા દિવસમાં અમુક સંખ્યા કરતાં અધિક તંબોલ-પાન વાપરવાં નહિ.

(૬) વસ્ત્રનિયમ—અમુક સંખ્યા કરતાં વધારે વસ્ત્ર વાપરવાં નહિ.

(૭) પુષ્પાદિભોગનિયમ—જુદા જુદા હેતુથી વપરાતાં પુષ્પોનું પ્રમાણ નક્કી કરવું; સુગંધિ દ્રવ્યોને સુંઘવાનું પ્રમાણ નક્કી કરવું.

(૮) વાહનનિયમ—રથ, હાથી, ઘોડા, ઊંટ, ગાડાં, ગાડી, સગરામ, મોટર, રેલ્વે, વિમાન વગેરેનું પ્રમાણ નક્કી કરવું.

(૯) શયનનિયમ—શય્યા વગેરેનું પ્રમાણ નક્કી કરવું.

(૧૦) વિલેપનનિયમ—વિલેપન તથા ઉદ્વર્તનનાં દ્રવ્યોનું પ્રમાણ નક્કી કરવું.

(૧૧) બ્રહ્મચર્યનિયમ—દિવસે અબ્રહ્મ સેવવાનું શ્રાવકને વર્જ્ય છે રાત્રિની યતના આવશ્યક છે. તેને લગતો નિયમ કરવો.

(૧૨) દિગ્નિયમ—દિશાસંબંધી જે માપ આગળ રાખ્યું હોય તે વ્રતના સમય દરમિયાન ઘટાડવું.

(૧૩) સ્નાનનિયમ—સ્નાનનું પ્રમાણ બાંધવું.

(૧૪) ભક્તનિયમ—આહારનું પ્રમાણ નક્કી કરવું.

તે ઉપરાંત પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુ-કાય, વનસ્પતિકાય, અસિ, મસિ અને કૃષિને લગતું પરિમાણ તથા ત્રસકાયની રક્ષા નક્કી કરવામાં આવે છે.

ચાલુ પ્રણાલિકામાં દિવસના દસ સામાયિક અને ઓછામાં ઓછા એકાશન તપથી દેશાવકાશિક વ્રત કરાય છે.

આ વ્રત ધારણ કરનાર માટે નીચેની પાંચ બાબતો અતિચાર રૂપ મનાય છે, એટલે તેનાથી દૂર રહેવું જોઈએ:-

૧ આનયનપ્રયોગ—ક્ષેત્રમર્યાદાની બહારથી કોઈ પણ વસ્તુ બીજાની પાસેથી મંગાવવી. ૨ પ્રેષ્યપ્રયોગ–મજૂર કે સેવકને ક્ષેત્રમર્યાદાની બહાર મોકલી કોઈ સંદેશો પહોંચાડવો. ૩ શબ્દાનુપાત–શબ્દ વડે પોતાની હાજરી જણાવવી. ૪ રૂપાનુપાત–રૂપ દ્વારા પોતાની હાજરી જણાવવી. ૫ પુદ્ગલક્ષેપ–કાંકરી કે બીજી કોઈ વસ્તુ ફેંકી પોતાની હાજરી જણાવવી.

અગિયારમું પોષધ-વ્રત.

જે ધર્મનું પોષણ કરે તે પોષધ કહેવાય. આ વ્રતમાં ઉપવાસ, આયંબિલ, નિવ્વી કે એકાસણાનું તપ હોય છે; સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, પુષ્પ, ગંધ, વિશિષ્ટ વસ્ત્ર અને આભરણાદિ શરીરસત્કારનો ત્યાગ હોય છે; બ્રહ્મચર્યનું પાલન ચાર પ્રહર અને આઠ પ્રહરની મર્યાદાથી ગ્રહણ કરવામાં આવે છે. આ વ્રતમાં દેવવંદન, ગુરુવંદન, છ આવશ્યક, બાર વ્રતને લગતી ક્રિયા તથા પ્રતિલેખન–પ્રમાર્જન કરવાનું હોય છે,

Telegram "PLATINUM"

with Best Compliments

CHIMANLAL MANCHAND & CO.

Jewellers.

Appointed Jewellery Valuers to
Union Govt
of
INDIA

卐

Office :	Show Rooms :
7, Dhanji Street,	New Queen's Road,
Bombay.	opp. Opera house, **Bombay.**
Phone : **28749**	Phone : **30321**

જૈનસમાજની એક આદર્શ શિક્ષણ સંસ્થા

એટલે

શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ, શિવપુરી.

શાસ્ત્રપારગંત પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે સ્થાપેલી અને સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે વિકસાવેલી આ સંસ્થામાં **સંસ્કૃત મહાવિદ્યાલય અને ઇન્ટર કોલેજ** ચાલી રહેલ છે. વિદ્યાલયમાં સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, ન્યાય અને સાહિત્ય વગેરેનો અભ્યાસ કરાવવામાં આવે છે અને ઈન્ટર કોલેજમાં આર્ટસ અને કોમર્સના વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે.

* જૈન સાહિત્યનું સંશોધન પ્રકાશન તથા અન્ય વિદ્વાનોને માર્ગદર્શન એ આ સંસ્થાની વિશેષતા છે.
* અત્યાર સુધીમાં સેંકડો વિદ્યાર્થીઓને લાભ અપાયો છે. આજે પણ તેમાં ૨૫૦ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

સંસ્થાને વાર્ષિક રૂા. ૪૫૦૦૦ નો ખર્ચ હોઈ દર વર્ષે ગવર્મેન્ટની ગ્રાન્ટ મળે છે. તે ઉપરાંત આશરે રૂા. ૧૫૦૦૦ ની ખોટ આવે છે, તો સખી દિલ ગૃહસ્થો, જૈન સમાજના દાનવીરો તથા ગૃહસ્થોને ઉદાર હૃદયે મદદ કરવાની વિનંતિ છે.

સહાય મોકલવાનાં ઠેકાણાં:–

૧ મંત્રી શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ–શિવપુરી. (મધ્યભારત)

૨ શ્રી ગોડીજી મહારાજ જૈન દહેરાસર–પાયધુની, **મુંબઈ–૩.**

લિ. સેવકો,

ધીરજલાલ જીવણલાલ પારેખ–પ્રમુખ.

શાંતિલાલ મગનલાલ શાહ

રૂપચંદ પનાલાલ ભણશાળી

માનદ મંત્રીઓ.

સ્થાનિક મંત્રી—સત્યનારાયણ પંડયા. શીવપુરી

તેથી સાધુજીવનની કેટલીક તાલીમ મળે છે. શ્રાવકે પર્વ દિવસે પોષધ અવશ્ય કરવો જોઇએ.

આ વ્રતમાં નીચેની પાંચ વસ્તુઓ અતિચાર રૂપ મનાય છેઃ

૧ અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત–શય્યા–સંસ્તારક—શય્યા અને સંસારક (સંથારા) ની પ્રતિલેખના (દૃષ્ટિનિરીક્ષણ) કરવી નહિ અથવા ખરાબ રીતે કરવી. ૨ અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત શય્યા–સંસ્તારક––શય્યા અને સંસ્તારકની પ્રમાર્જના (પૂંજવાની ક્રિયા) કરવી નહિ કે જેમ તેમ કરવી. ૩ અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત–ઉચ્ચાર–પ્રસ્રવણ– ભૂમિ–વડી નીતિ અને લઘુનીતિ માટેની જગાનું પ્રતિલેખન કરવું નહિ કે જેમ તેમ કરવું. ૪ અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત–ઉચ્ચાર–પ્રસ્રવણ ભૂમિ–વડી નીતિ અને લઘુનીતિ માટેની જગાનું પ્રમાર્જન કરવું નહિ કે જેમ તેમ કરવું. ૫ અનનુપાલના–પોષધ વિધિપૂર્વક બરાબર કરવો નહિ

બારમું અતિથિસંવિભાગ-વ્રત.

સાધુ મુનિરાજો અતિથિ કહેવાય છે. તેમને પોતાના અર્થે તૈયાર કરેલાં ખાનપાનનો અમુક વિભાગ ઉચ્ચ પ્રકારની ભકિત વડે આપવાનું વ્રત તે અતિથિ સંવિભાગ વ્રત કહેવાય છે. પોષધના દિવસે સાધુ મહાત્માઓને આહારપાણી વહોરાવ્યા પછી જ પારણું કરવું તથા અન્ય દિવસે પણ સાધુ મુનિરાજોને આહારપાણી વહોરાવ્યા પછી જમવાની ભાવના રાખવી એ અતિથિસંવિભાગ વ્રતનું રહસ્ય છે.

તેમાં નીચેની પાંચ વસ્તુઓ અતિચાર રૂપ લેખાય છેઃ–

૧ સચિત્તનિક્ષેપ–સાધુઓને દાન આપવા યોગ્ય વસ્તુમાં સચિત્ત વસ્તુ મૂકી દેવી. ૨ સચિત્તપિધાન–સાધુ-

ઓને દાન આપવા યોગ્ય વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ મૂકી દેવી. ૨ ૩ પરવ્યપદેશ–સાધુઓને દાન આપવા યોગ્ય વસ્તુ પોતાની હોય છતાં પારકી કહેવી કે પારકી હોય છતાં પોતાની કહેવી. આ બંને વસ્તુઓ સાધુઓ માટે અકલ્પનીય હોઈ ને શ્રાવકને માટે અતિચારરૂપ છે. ૪ માત્સર્ય–સાધુ કોઈ વસ્તુ માગે ત્યારે કોપ કરવો કે હોવા છતાં આપવી નહિ. ૫ કાલાતિક્રમદાન–સાધુઓને ભિક્ષા આપવાનો જે કાલ છે, તે વીતી ગયા પછી નિમંત્રણા કરવી.

૩–શ્રાવકની દિનચર્યા

આ વ્રતો ધારણ કરનાર શ્રાવકની–આદર્શ ગૃહસ્થની દિનચર્યા પણ આદર્શ જ હોય છે. ઉઠતાંની સાથે નમસ્કાર મંત્રનું સ્મરણ, ધર્મચિંતન, રત્નત્રયીની શુદ્ધિ માટે ષડાવશ્યક રૂપ પ્રતિક્રમણ, દેવદર્શન–સેવા–પૂજા, ગુરુવંદન, ધર્મશ્રવણ, લૌકિક અને લોકોત્તર એ બંને દૃષ્ટિથી અનિંદિત વ્યવહારની સાધના, સાયંકાળે પણ દેવદર્શન, પ્રતિક્રમણ, ગુરુનો સત્સંગ, પરિવારને બોધદાયક કથાઓ તથા સુંદર સુભાષિતો વડે ધર્મનું કથન અને દીક્ષા લેવાના મનોરથ પૂર્વક અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનપ્રણીત ધર્મ એ ચારનાં શરણપૂર્વક શયન એ તેનો સામાન્ય ક્રમ છે. તેનું વિશેષ વર્ણન શ્રાદ્ધ–દિનકૃત્ય વગેરે ગ્રંથોમાં જોઈ શકાય છે.

૪–મંગલભાવના

મનુષ્યો નીતિમય જીવન ગાળી વ્રતધારી શ્રાવક બને અને વ્રતધારી શ્રાવકો સર્વ વિરતિના સમ્યક્ પંથે પદાર્પણ કરી ઉત્કૃષ્ટ કલ્યાણ સાધે, એ મંગલભાવનાં સાથે આ નિબંધ પૂરો કરીએ છીએ.

इति शम् ।

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budbisurma" Bombay

અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને

* સમયસરની સૂચના *

જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી

મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ

દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

-: નકલી સુરમાઓથી સાવધાન રહો :-

— સમયસરની ચેતવણી —

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઈ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઇ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઑર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડૉકટરની મફત સલાહ મેળવો.

સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧

—: અમારૂં એક જ ઠેકાણું :—

જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

જૈન શિક્ષાવલી

બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦. બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★

લધાભાઇ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯

ધી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.